Foundational Literacy & Numeracy

# FLN શિક્ષક માર્ગદર્શિકા

## ગુજરાતી

વર્ષ : ૨૦૨૬/૨૭


समग्र शिक्षा
Samagra Shiksha

નિપુણ ગુજરાત અભિયાન

GCERT
Gandhinagar

જીસીઈઆરટી, ગાંધીનગર

# આ માર્ગદર્શિકા વિશે....

સૌ સારસ્વત મિત્રો,

નિપુણ ગુજરાત અંતર્ગત પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન FLN એ ત્રણ વર્ષ માટેનું આપણું મિશન છે, બાલવાટિકાથી લઈને ધોરણ પાંચ સુધી બાળકોમાં પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનનાં કૌશલ્ય દ્રઢ કરવાનો છે. આપણા આ મિશનને સફળ બનાવવા માટે સત્રના પ્રારંભે આપણે બેઝ લાઈન સર્વે પ્રશ્નાવલી વડે કરવાનો છે, જે અંતર્ગત બાળકોને આપણે ત્રણ રીતે અલગ તારવવાના થશે.

✠ ઉદયમાન ✠ પ્રગતિશીલ ✠ નિપુણ

બાળકોને ત્રણ સ્ટેજમાં તારવ્યા પછી આપણે જરૂરી ઉપચારાત્મક કાર્ય કરવાનું છે. આ કાર્ય કરવા માટેની વર્કશીટમાંના 'કદમ' આધારિત ઉપચારાત્મક કાર્ય કરવાનું થશે. દરેક ધોરણમાં વિષય પ્રમાણે ધોરણ લક્ષ્યાંક આપ્યાં છે, જે.અલ.ઓ. (અધ્યયન નિષ્પત્તિ) આધારિત છે. શિક્ષકે તેમની પાસેના ટ્રેકર (લેડર) ને આધારે વર્કશીટના 'કદમ'માંની પ્રવૃત્તિ કરાવવાની રહેશે.

જેમ કે, ગુજરાતીમાં કોઈ એક વિદ્યાર્થી ટ્રેકરમાં કદમ ત્રણ પર અટકેલો જણાય તો તમારે વિદ્યાર્થીને કદમ-૩ થી પ્રવૃત્તિ શરૂ કરાવવાની રહેશે. એવી જ રીતે ગણનમાં વિદ્યાર્થી ટ્રેકર મુજબ પગલા-૨ પર અટકેલો છે, તો તમારે વર્કશીટમાં પગલા-૨ પરની ઉપચારાત્મક પ્રવૃત્તિ તેને કરાવવાની રહેશે.

મિત્રો! પ્રથમ સત્રના અંત સુધીમાં મીડ લાઈન સર્વે પૂર્ણ કરવાનું આપણું ધ્યેય છે.

એ પછી બીજા સત્રમાં જરૂરી ઉપચારાત્મક કાર્ય ચાલુ રાખીને વર્ષના અંતે માર્ચ માસમાં એન્ડ લાઇન સર્વે કરશું.FLN (પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન) વિષયક આ માર્ગદર્શિકાનો અભ્યાસ કરીને બાળકોને વર્કશીટ પ્રમાણે આપણે સૌ શ્રેષ્ઠ કામગીરી કામગીરી કરીને ભારત દેશના વિદ્યાર્થીઓને પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનમાં કુશળ બનાવીએ. વર્ગખંડમાંના વાચન અને ગણનમાં જુદા-જુદા સ્ટેજનાં બાળકોને આપણે જો બૅઝ લાઇન સર્વેથી લઈને એન્ડ લાઇન સુધી ઉચિત માર્ગદર્શન દ્વારા ઉપચારાત્મક કાર્ય કરીશું તો આપણને અપેક્ષિત સફળતા અવશ્ય મળશે એવી શ્રદ્ધા છે.

## ગુજરાતી વિષયના સાહિત્ય વિશે...

- QR Code શિક્ષકોને સાહિત્ય સમજ મળે તે માટે જ છે. QR Code ને સ્કેન/ક્લિક/ટચ કરવાથી ગુજરાતી વિષયની સામગ્રી કે વીડિયો સરળાથી જોઈ શકશો.
- બાલવાટિકાથી ધોરણ-5 ના વિદ્યાર્થીઓને પાયાગત વાંચન અને લેખન કૌશલ્ય શીખવવા માટે શિક્ષકને મદદ કરી શકાય એ પ્રકારની સામગ્રીનું નિર્માણ કરવામાં આવેલ છે.
- આ સાહિત્યમાં કદમ-૧ થી ૧૦ માં નિયત મૂળાક્ષરો અને માત્રાઓની ઉપચારાત્મક કાર્ય સામગ્રી આપેલ છે.
- કદમ -૧૧ માં વાચન-અર્થગ્રહણ અને સ્વતંત્રલેખનની વિશેષ સામગ્રી આપવામાં આવેલી છે.
- બાલવાટિકાથી ધોરણ-5 ની આપવામાં આવેલી નિદાન કસોટી લેવી.
- નિદાન કસોટીના આધારે એ નક્કી થશે કે કયા વિદ્યાર્થીને કયા અક્ષરો કે માત્રાઓ ઓળખવામાં કે લખવામાં મુશ્કેલી છે.
- વિદ્યાર્થીને જે અક્ષરો કે માત્રાઓમાં મુશ્કેલી હોય તેના ઉપર વધુ ભાર આપવો અને તે અક્ષરો કે માત્રાઓ જે કદમમાં હોય તે કદમની સામગ્રીનો ઉપયોગ કરી મહાવરો/ઉપચારાત્મક કાર્ય કરાવવું. આ માટે સ્લેટ, નોટબુક વગેરેનો ઉપયોગ કરવો.
- ઉપચારાત્મક કાર્યમાં સમાવિષ્ટ દરેક વિદ્યાર્થીને વ્યક્તિગત રીતે મુખરવાચનમાં ત્રણથી પાંચ મિનિટનો સમય મળવો જોઈએ.
- વાચન પ્રવાહિતાનો મહાવરો કરાવવો.
- દરેક વિદ્યાર્થીને દરરોજ શ્રુતલેખન અને સ્વતંત્રલેખનની તક મળવી જોઈએ. દરેક વિદ્યાર્થીના શ્રુતલેખન અને સ્વતંત્રલેખનની શિક્ષક દ્વારા ચકાસણી એ જ દિવસે થવી જોઈએ.
- દરેક વિદ્યાર્થીને એની વ્યક્તિગત જરૂરિયાત મુજબના કદમની સામગ્રીનું ઉપચારાત્મક શિક્ષણકાર્ય કરાવવું.

# અનુક્રમણિકા

## ગુજરાતી


| ક્રમ | એકમનું નામ અને તેમાં સમાવિષ્ટ વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | નિદાનકસોટી - મૂલ્યાંકન પત્રક, લેડર (પ્રગતિમાપન) | ૧ |
| ૨ | કદમ - ૦ મૌખિક ભાષાવિકાસ | ૨ |
| ૩ | કદમ - ૧ ગ, મ, ન, જ, ા (કાનો), વ, ર, સ, દ, ે (માત્રા) | ૪ |
| ૪ | કદમ - ૨ ક, બ, અ, છ, એ, આ, પ, ડ, ત, ણ, ઇ, ઈ, િ, ી | ૮ |
| ૫ | કદમ - ૩ લ, ટ, ચ, ખ, ૈ (બે માત્રા), ઝ, હ, ઘ, ળ, ( ુ )ઉ, ( ૂ ),ઊ | ૧૨ |
| ૬ | કદમ - ૪ ભ, ય, ધ, ફ, ો, ૌ, ઢ, ઠ, શ, થ (અનુસ્વાર) | ૧૬ |
| ૭ | કદમ - ૫ કદમ ૧ થી ૪ નું પુનરાવર્તન | ૧૯ |
| ૮ | કદમ - ૬ ષ, ત્ર, જ્ઞ, ક્ષ, શ્ર, ઋ, રૂ | ૨૧ |
| ૯ | કદમ - ૭ સદંડી જોડાક્ષરો | ૨૪ |
| ૧૦ | કદમ - ૮ દંડરહિત સમાન અક્ષરોના જોડાક્ષરો | ૨૬ |
| ૧૧ | કદમ - ૯ અસમાન જોડાક્ષરો | ૨૮ |
| ૧૨ | કદમ - ૧૦ પૃ, પ્ર, ક્ર, ર્વ જેવા જોડાક્ષરો | ૩૦ |
| ૧૩ | કદમ - ૧૧ વાચન-અર્થગ્રહણ અને સ્વતંત્રલેખનની સામગ્રી | ૩૨ |

# ગુજરાતી

## વાચન - લેખન

# સાહિત્યમાં મુકાયેલ વિષયવસ્તુના ઉપયોગ સંદર્ભે સમજ આપતા વીડિયો

1.અક્ષરની ઓળખ

https://bit.ly/2VKfkYJ

2. અક્ષરની ઓળખ પ્રવૃત્તિ નિદર્શન(બાળકો સાથે)

https://bit.ly/3jQKbuy

3.ચિત્ર પરથી અક્ષર ઓળખ

https://bit.ly/3jDWYBI

4.અક્ષર મહાવરો

https://bit.ly/2VbrY2k

5.અક્ષર મહાવરો,શબ્દવાચન નિદર્શન(બાળકો સાથે)

https://bit.ly/3lViPGi

6.શબ્દોનું વાચન

https://bit.ly/2Wt2CNX

7. વાક્ય,ફકરાનું વાચન અને શ્રુતલેખન

https://bit.ly/3BevuIF

8. નિદાન અને મૂલ્યાંકનપત્રક સમજ

https://bit.ly/3rOb2uD

9.અક્ષર લેખન પ્રવૃત્તિઓ

https://bit.ly/3ikp4RU

10.વાચન અર્થગ્રહણ અને સ્વતંત્રલેખન

https://bit.ly/3yjBzle


**શિક્ષક મિત્રો, કદમ-૦ ની પ્રવૃત્તિઓ તમામ વિદ્યાર્થીઓને ફરજિયાત કરાવવી.**

કદમ-૦

# મૌખિક ભાષા વિકાસ

## ચિત્ર પર ચર્ચા

◈ નીચે આપેલા ચિત્ર પરથી પ્રશ્નોત્તરી કરવી.





## ◈ અનુભવ આધારિત ચર્ચા :

શિક્ષક પહેલાં પોતાના અનુભવો વિદ્યાર્થીઓને સંભળાવશે. ત્યારબાદ વિદ્યાર્થીઓના અનુભવ વિશે પૂછી શકે છે.
ઉદા. વિદ્યાર્થીઓની દિનચર્યા, વિદ્યાર્થીઓની રમતો, ગામની કોઈ ઘટના, કોઈ પ્રસંગની ઉજવણી વગેરે...

## ◈ વાર્તા આધારિત પ્રશ્નો :

'બે મિત્રો' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો.

બે મિત્રો હતા. એક વાર તેઓ બંને પરદેશ જવા નીકળ્યા. જંગલમાં થઈને પસાર થઈ રહ્યા હતા. અચાનક જંગલની ઝાડીમાંથી એક રીંછ આવી ચડ્યું. બેમાંથી એક મિત્રે રીંછને દૂરથી જ આવતું જોઈ લીધું. આ મિત્ર ખૂબ સ્વાર્થી હતો. તે પોતાના મિત્રને ચેતવણી આપવા પણ ન થોભ્યો અને પોતાનો જીવ બચાવવા માટે પાસેના ઝાડ પર સડસડાટ ચડી ગયો. બીજા મિત્રે રીંછને જોયું. એની નજીકમાં પણ ઝાડ હતું. પરંતુ શરીરથી એ મિત્ર થોડો જાડો હતો અને તેની પાસે એટલો સમય પણ ન હતો કે ઝટપટ ઝાડ પર ચડી શકે. તેમ છતાં તે તીવ્ર બુદ્ધિનો હતો. એણે રીંછ વિશે એક વાત સાંભળી હતી. તે યાદ આવી ગઈ કે રીંછને મરેલો શિકાર પસંદ નથી હોતો. તે હંમેશાં શિકાર કરીને જ ખાય છે. તરત જ તે જમીન પર ચત્તોપાટ સૂઈ ગયો. શ્વાસ રુંધીને પડ્યો રહ્યો. જાણે કે મડદું ન હોય!

રીંછ એની નજીક આવ્યું. આ માણસ જીવતો છે કે મરેલો તેની ખાતરી કરવા રીંછે એનાં નાક, કાન, આંખ અને આખું શરીર સૂંઘી જોયું. છેવટે રીંછે એને ફરીથી સૂંઘ્યો અને આ માણસ મરેલો છે એવી પોતાના મનથી ખાતરી થતાં ત્યાંથી ચાલ્યું ગયું.

પેલો સ્વાર્થી મિત્ર ઝાડ પર બેઠાબેઠા આ બધું જોયા કરતો હતો. રીંછના ચાલ્યા ગયા પછી એ ઝાડ પરથી નીચે ઊતરી આવ્યો.

તેણે પૂછ્યુંઃ "કેમ ભાઈ! આ રીંછ તારું કાંઈ સગું થતું હોય એમ લાગે છે. પણ એ તો કહે, એણે તારા કાન પાસે મોઢું લઈ જઈને તને કાનમાં શું કહ્યું ?"

બુદ્ધિશાળી મિત્રે ધીમેથી જવાબ આપ્યોઃ "ભાઈ! એણે મારા કાનમાં એક ખૂબ જ અગત્યની વાત કરી. એણે મને કાનમાં કહ્યું કે સંકટના સમયે પોતાનો જીવ બચાવવા નાસી જનાર સ્વાર્થી મિત્રથી હંમેશાં ચેતતો રહેજે!"
પેલો સ્વાર્થી મિત્ર આ સાંભળીને એકદમ શરમાઈ ગયો.

## ◈ 'બે મિત્રો' વાળી વાર્તા હાવભાવપૂર્વક કહેવી. ત્યારબાદ નીચેના પ્રશ્નો પૂછવા.

૧. જંગલની ઝાડીમાંથી શું આવી ચડ્યું હતું?
૨. પહેલા મિત્રએ જીવ બચાવવા માટે શું કર્યું?
૩. બીજો મિત્ર કેમ ઝાડ પર ચડી શક્યો નહીં?
૪. વાર્તાના અંતમાં પહેલો મિત્ર કેમ શરમાઈ ગયો?
૫. જંગલમાં કયા-કયા પ્રાણીઓ જોવા મળે છે?
૬. તમને કયા-કયા જંગલી પ્રાણીઓનો ડર લાગે છે?
૭. તમે તમારા મિત્રને કેવી રીતે મદદ કરો છો?
૮. રીંછ કેવા રંગનું હોય છે? તે ક્યાં ક્યાં જોવા મળે છે?
૯. 'સ્વાર્થી' એટલે શું? તેની વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરો.
૧૦. તમને કયો મિત્ર ગમશે ? પહેલો કે બીજો ? શા માટે ?

## ◈ શિક્ષકો આ પ્રકારે અન્ય વાર્તા પણ કહી શકે અને પ્રશ્નો પૂછી શકે છે.

## ◈ ચિત્રવાર્તા મૂકી તેના આધારે પ્રશ્નો પૂછી શકે છે.

**શિક્ષક મિત્રો, કદમ ૧,૨ નું કાર્ય અક્ષર અને માત્રા ન ઓળખી શકતા વિદ્યાર્થીઓને કરાવવું. તેમજ આપેલ અક્ષરોમાંથી કેટલાક અક્ષર અને માત્રામાં જે વિદ્યાર્થીઓ મુશ્કેલી અનુભવતા હોય તેમને અક્ષરોનો વિશેષ મહાવરો કરાવવો.**

# કદમ-૧

https://youtu.be/mVtMeN_zYo0

◈ **વિષયવસ્તુના મુદ્દા :-** ગ, મ, ન, જ, ા (કાનો), વ, ર, સ, દ, ે (માત્રા) આધારિત અક્ષરો, શબ્દો, વાક્યોનું વાચન અને લેખન

- વિદ્યાર્થીઓને ચિત્રો બતાવી તેની ઓળખ કરાવવી.
- દરેક ચિત્રની નીચે તેનું નામ લખેલું હશે.
- ચિત્ર નીચે આપેલ શબ્દના પ્રથમ અક્ષર (ધ્વનિ)ની ઓળખ આપવી.
- તે પ્રમાણે ગ, મ, ન, જ, ા (કાનો) ,વ, ર, સ, દ, ે (માત્રા)અક્ષર ધરાવતાં ચિત્રો અને શબ્દો દર્શાવીને વિદ્યાર્થીઓને પ્રથમ અક્ષર (ધ્વનિ) ની ઓળખ કરાવવી.
- મહાવરા માટે કેટલાક અન્ય શબ્દો આપવા જેમાં તેણે જે અક્ષરની ઓળખ કરી હોય તે અક્ષરો પર ◯ કરાવવું.
- સમાચારપત્રો, વર્ગખંડમાં ઉપલબ્ધ વાચન સાહિત્યમાંથી ઉપરોક્ત અક્ષરો પર ◯ કરવાની પ્રવૃત્તિ કરાવવી અને વિશેષ વાચનનો મહાવરો આપવો.

❁ **મૌખિક પ્રવૃત્તિ:-** વિદ્યાર્થીઓ સમક્ષ વિવિધ શબ્દોનું ઉચ્ચારણ કરો, જેમાં આપે શીખવવાના અક્ષરનો ધ્વનિ સંભળાતો હોય અને સાથે એવા શબ્દોનું પણ ઉચ્ચારણ કરો, જેમાં અક્ષરનો ધ્વનિ ન સંભળાતો હોય. જો વિદ્યાર્થીઓને તેનો ધ્વનિ સંભળાશે, તો તાળી પાડશે. નહીં સંભળાય, તો તાળી પાડશે નહીં.

❁ **ચિત્ર પરથી અક્ષરોનો પરિચય.**

























(સંદર્ભ:- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

❁ **અક્ષર ઓળખ મહાવરો :-** વિદ્યાર્થીઓ સમક્ષ એવા શબ્દો મૂકવા જેમાં ઓળખ કરાવેલ અક્ષર આવતો હોય. જેનું સ્થાન આગળ, વચ્ચે કે પાછળ હોય અને વિદ્યાર્થી તે અક્ષર ઓળખી બતાવે. આ રીતે વિદ્યાર્થીઓને અક્ષરનો મહાવરો કરાવવો.

❁ **નીચેના જેવા શબ્દો આપી અક્ષરનો મહાવરો કરાવવો.**

(ગ) – મગર, નગર, મગ, ગજ, જગ (શબ્દમાં 'ગ' ઉપર ◯ કરવું)

(મ) – મરચું, જામફળ, જમરૂખ, મગર (શબ્દમાં 'મ' ઉપર ◯ કરવું)

(ન) – નગર, નજર, ગગન, નગારું, જતન (શબ્દમાં 'ન' ઉપર ◯ કરવું)

(જ) – જતન, નજર, જમરૂખ, જમના (શબ્દમાં 'જ' ઉપર ◯ કરવું)

❋ અક્ષરોના ઉપયોગથી બનતા નીચેના જેવા શબ્દોનું વાચન કરાવવું.

મ + જા → મજા

ના + ગ → નાગ

ગા + મ → ગામ

❋ શીખેલા અક્ષરોના આધારે શબ્દોનું મુખરવાચન કરાવવું.

મગ, મગજ, મામા, નાગ, જાગ, ગામ, મજા, માન, નામ

❋ શીખેલા શબ્દોને આધારે વાક્યોનું મુખરવાચન કરાવવું.

- નમન નમ.
- ગમન ગામ જા.
- જગન નમ.
- મગન ગાજર જમ.
- મગન મગ જમ.
- ગગન મગ જમ.
- ગગન જામનગર જા.
- મનન જા.

❋ શીખેલા અક્ષરોના લેખન માટે રેતીમાં લેખન કરાવી શકાય તેમજ હવામાં આંગળી વડે અક્ષર લેખનની પ્રવૃત્તિનો મહાવરો કરાવી શકાય.

❋ શીખેલા અક્ષરોનું લેખન કરાવવું.

(૧) ટપકાં જોડી લેખન - ગ મ ન જ ગા જા મા ના

(૨) શ્રુતલેખન - ગ, મ, ન, જ, ગા, મા, ના, જા

❋ શીખેલા અક્ષરોથી બનતા શબ્દોનું શ્રુતલેખન કરાવવું.

નમ, મન, જગ, નાના, મજા, નામ, માન, જાગ, મામા, ગામ, નમન, મગન, જગન

❋ શીખેલા અક્ષરો પરથી વાક્યોનું શ્રુતલેખન કરાવવું.

- નમન નમ.
- મગન ગામ જા.
- મગન ગાજર જમ.
- ગગન ગાજર જમ.
- ગગન જામનગર જા.
- મનન જમ.
- મન મગ જમ.

❋ **મૌખિક પ્રવૃત્તિ :-** વિદ્યાર્થીઓ સમક્ષ વિવિધ શબ્દોનું ઉચ્ચારણ કરો, જેમાં આપે શીખવવાના અક્ષરનો ધ્વનિ સંભળાતો હોય અને સાથે એવા શબ્દોનું પણ ઉચ્ચારણ કરો, જેમાં અક્ષરનો ધ્વનિ ન સંભળાતો હોય. જો વિદ્યાર્થીઓને તેનો ધ્વનિ સંભળાશે, તો તાળી પાડશે. નહીં સંભળાય, તો તાળી પાડશે નહીં.

❋ ચિત્ર પરથી અક્ષર પરિચય.
























(સંદર્ભ:- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

❋ **અક્ષર ઓળખ મહાવરો :-** વિદ્યાર્થીઓ સમક્ષ એવા શબ્દો મૂકવા જેમાં ઓળખ કરાવેલ અક્ષર આવતો હોય જેનું સ્થાન આગળ, વચ્ચે કે પાછળ હોય અને વિદ્યાર્થી તે અક્ષર ઓળખી બતાવે. આ રીતે વિદ્યાર્થીઓને અક્ષરનો મહાવરો કરાવવો.

❋ **નીચેના જેવા શબ્દો આપી અક્ષરનો મહાવરો કરાવવો.**

(દ) - દવા, દમ, મદન, સાદર (શબ્દમાં 'દ' ઉપર ◯ કરવું.)

(ર) - રસમ, સરદાર, રસ, દર (શબ્દમાં 'ર' ઉપર ◯ કરવું.)

(સ) - સરસ, સરદાર, દાસ, સદા (શબ્દમાં 'સ' ઉપર ◯ કરવું.)

(વ) - વહાણ, વરસાદ, વનરાજ, વગદાર (શબ્દમાં 'વ' ઉપર ◯ કરવું.)

❋ **અક્ષરોના ઉપયોગથી બનતા નીચેના જેવા શબ્દોનું વાચન કરાવવું.**

સે + વ → સેવ

ગા + જે → ગાજે

ગા + જ + ર → ગાજર

❋ **શીખેલા અક્ષરોના આધારે શબ્દોનું મુખરવાચન કરાવવું.**

ગામ, જાન, મામા, માન, જાગ, નગર, જગ, મગર, જમના, સેવા, રેવા, ગાજર, મેદાન, દાદા, રામ

❋ **શીખેલા શબ્દોને આધારે વાક્યોનું મુખરવાચન કરાવવું.**

- દેવ જમે છે. - વેદને સેવ ગમે.
- ગાજર મજાના છે. - મેના રસ જમે.
- વેદ સરસ રમે છે. - દેવ રાસ રમે.
- દાદા સવારે જાગે છે. - મારા દાદા સારા.

❋ **શીખેલા અક્ષરોના લેખન માટે રેતીમાં લેખન કરાવી શકાય તેમજ હવામાં આંગળી વડે અક્ષર લેખનની પ્રવૃત્તિનો મહાવરો કરાવી શકાય.**

❋ **શીખેલા અક્ષરોનું લેખન કરાવવું.**

(૧) ટપકાં જોડી લેખન

ગ મ ન જ વ ર સ દ

(૨) અક્ષર લેખન

ગ, મ, દ, સ, વ, જ, ન, ર


❁ **શીખેલા અક્ષરોથી બનતા શબ્દોનું શ્રુતલેખન કરાવવું.**

સાવન, ગાજે, વાજા, દર, ગરમ, વાનર, વાર, ગમે, દાદા, વરસાદ, સાદ, દાવ, માન, સેવ, દેવ, મેના, નાવ , દવા, વાદ

❁ **નીચેના વાક્યોનું શ્રુતલેખન કરાવવું.**

- વરસાદ વરસે સર સર.
- સાવન ગાજે ગર ગર.
- વાજા વાગે જન જન જન.
- સાવન વરસે સર સર સર.
- સજન રાસ રમ.
- જમના સાદ કર .
- રાજન ગામ જા.
- મનન સેવ જમ.

❁ **નીચે આપેલ ચિત્રના આધારે શબ્દો લખાવવા.**



(સંદર્ભ:- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

● **મહાવરા માટે :**

❁ **શબ્દોનું વાચન કરાવવું.**

નમન , નગર , માન , મામા , માસ , સેવ , દેવ , દેવા , રેવા , મેના , સાજા

❁ **વાક્યોનું વાચન કરાવવું.**

- રમણ જમ
- વરસાદ વરસે.
- રામ ગામ જા.
- રામ ગાજર જમ.

**શિક્ષક મિત્રો, કદમ-૩,૪ની શરૂઆત કદમ-૩,૪માં આપેલ અક્ષર અને માત્રાને ન ઓળખી શકતા વિદ્યાર્થીઓને કરાવવી.**

# કદમ-૨

https://youtu.be/H3qLHg2nQ_Q

## ◈ વિષયવસ્તુના મુદ્દા :-

ક, બ, અ, છ, એ, આ, પ, ડ, ત, ણ, ઇ, ઈ, િ, ી આધારિત અક્ષરો, શબ્દો, વાક્યો, ફકરાનું વાચન અને લેખન કરાવવું.

❁ **મૌખિક પ્રવૃત્તિ :-** વિદ્યાર્થીઓ સમક્ષ વિવિધ શબ્દોનું ઉચ્ચારણ કરો, જેમાં આપે શીખવવાના અક્ષરનો ધ્વનિ સંભળાતો હોય અને સાથે એવા શબ્દોનું પણ ઉચ્ચારણ કરો, જેમાં અક્ષરનો ધ્વનિ ન સંભળાતો હોય. જો વિદ્યાર્થીઓને તેનો ધ્વનિ સંભળાશે, તો તાળી પાડશે. નહીં સંભળાય, તો તાળી પાડશે નહીં.

❁ **ચિત્ર પરથી અક્ષર પરિચય.**




(સંદર્ભ:- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

❁ **અક્ષર ઓળખ મહાવરો :-** વિદ્યાર્થીઓ સમક્ષ એવા શબ્દો મૂકવા જેમાં ઓળખ કરાવેલ અક્ષર આવતો હોય. જેનું સ્થાન આગળ, વચ્ચે કે પાછળ હોય અને વિદ્યાર્થી તે અક્ષર ઓળખી બતાવે. આ રીતે વિદ્યાર્થીઓને અક્ષરનો મહાવરો કરાવવો.

❁ **નીચેના જેવા શબ્દો આપી અક્ષરનો મહાવરો કરાવવો.**

(ક) – કલમ, કનક, ચમક (શબ્દમાં 'ક' ઉપર ◯ કરવું.)
(બ) – બજાર, અજબ, અકબર (શબ્દમાં 'બ' ઉપર ◯ કરવું.)
(અ) – અચલા, અછત, અનાજ (શબ્દમાં 'અ' ઉપર ◯ કરવું.)
(છ) – અછબડા, છત, અછત (શબ્દમાં 'છ' ઉપર ◯ કરવું.)
(આ) – આકાર, આપણે, આવજે (શબ્દમાં 'આ' ઉપર ◯ કરવું.)
(એ) – એરણ, એકતા, એકનાથ (શબ્દમાં 'એ' ઉપર ◯ કરવું.)

❁ **અક્ષરોના ઉપયોગથી બનતા નીચેના જેવા શબ્દોનું વાચન કરાવવું.**

કા + મ → કામ

આ + ગ → આગ

કે + ર + મ → કેરમ

❋ **શીખેલા અક્ષરોના આધારે શબ્દોનું મુખરવાચન કરાવવું.**
**(તૂટક-તૂટક અક્ષરને બદલે શબ્દવાચનનો મહાવરો કરાવવો.)**

છગન, કાબર, અવાજ, સાબર, અજબ, જમના, નારદ, વેરાન, કેરમ, છાણ, બેન,એક, આગ, કામ, છેદ, મજા, મેદાન, એરણ, અનનાસ, એકમ, આજ, આગ, કેસર, આવજે

❋ **શીખેલા શબ્દોને આધારે વાક્યોનું મુખરવાચન કરાવવું. (વાચન પ્રવાહિતા સાથે.)**

- એક ગામ છે.
- આ કાકા છે.
- ગામમાં બસ આવે છે.
- છગન બસમાં બેસે છે.
- આવ બા આવ.
- કાના રાસ રમ.
- બસ સર સર જાય છે.
- આવ બેન આવ.

❋ **શીખેલા અક્ષરોના લેખન માટે રેતીમાં લેખન કરાવી શકાય તેમજ હવામાં આંગળી વડે અક્ષર લેખનની પ્રવૃત્તિનો મહાવરો કરાવી શકાય.**

❋ **શીખેલા અક્ષરોનું લેખન કરાવવું.**

(૧) ટપકાં જોડી લેખન

ક બ અ છ એ આ

(૨) અક્ષરલેખન

ક, બ, અ, છ, એ, આ

❋ **શીખેલા અક્ષરોથી બનતા શબ્દોનું શ્રુતલેખન કરાવવું.**

બેન, આકાર, વાર, કેદાર, છાબ, જાન, વેદ, વરસાદ, રાસ, માગ, કેરમ, રસમ, મેના

❋ **શીખેલા અક્ષરો પરથી વાક્યોનું શ્રુતલેખન કરાવવું.**

- વરસાદ વરસે છે.
- છગન બસમાં બેસે છે.
- મગન જામનગર જા.
- બસ સરસર જાય છે.

https://youtu.be/CzE_Y-5ab1I

❋ **મૌખિક પ્રવૃત્તિ :-** વિદ્યાર્થીઓ સમક્ષ વિવિધ શબ્દોનું ઉચ્ચારણ કરો, જેમાં આપે શીખવવાના અક્ષરનો ધ્વનિ સંભળાતો હોય અને સાથે એવા શબ્દોનું પણ ઉચ્ચારણ કરો, જેમાં અક્ષરનો ધ્વનિ ન સંભળાતો હોય. જો વિદ્યાર્થીઓને તેનો ધ્વનિ સંભળાશે, તો તાળી પાડશે. નહીં સંભળાય, તો તાળી પાડશે નહીં.

❋ **ચિત્ર પરથી અક્ષર પરિચય.**




**(સંદર્ભ:- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)**

❋ **અક્ષર ઓળખ મહાવરો :-** વિદ્યાર્થીઓ સમક્ષ એવા શબ્દો મૂકવા જેમાં ઓળખ કરાવેલ અક્ષર આવતો હોય. જેનું સ્થાન આગળ, વચ્ચે કે, પાછળ હોય અને વિદ્યાર્થી તે અક્ષર ઓળખી બતાવે. આ રીતે વિદ્યાર્થીઓને અક્ષરનો મહાવરો કરાવવો.

❋ **નીચેના જેવા શબ્દો આપી અક્ષરનો મહાવરો કરાવવો.**

[પ] - પતંગ, પીપ, પરેશ, પાપ (શબ્દમાં 'પ' ઉપર □ કરવું.)


[ડ] - ડગલો, વડ, ડમરુ, વાડ (શબ્દમાં 'ડ' ઉપર □ કરવું.)

[ત] - તપેલી, તડબૂચ, તવી, રેત (શબ્દમાં 'ત' ઉપર □ કરવું.)

[ણ] - ફેણ, છાણ, રણ (શબ્દમાં 'ણ' ઉપર □ કરવું.)

[ઈ] - ઈનામ, ઈસ, ઈલાજ, ઈશ (શબ્દમાં 'ઈ' ઉપર □ કરવું.)

❋ **અક્ષરોના ઉપયોગથી બનતા નીચેના જેવા શબ્દોનું વાચન કરાવવું.**




❋ **શીખેલા અક્ષરોના આધારે શબ્દોનું મુખરવાચન કરાવવું.**
**(તૂટક-તૂટક અક્ષરને બદલે શબ્દવાચનનો મહાવરો કરાવવો.)**

પાણી, વાણી, દાણા, મારા, નેતા, બકરી, ઈનામ, ઈજનેર, આગગાડી, કિનારી

❋ **શીખેલા શબ્દોને આધારે વાક્યોનું મુખરવાચન કરાવવું. (વાચન પ્રવાહિતા સાથે.)**

- બા પાપડ આપે છે.
- સગડી ગરમ છે.
- આગગાડી આવે છે.
- ગવરી નામની બકરી છે.
- પાડી પાણી પીએ છે.
- વાડીએ ગાડી આવી.
- રાજા પાસે ગાવડી છે.
- કાકાએ એક વાત જાણી.

❋ **શીખેલા શબ્દોથી બનતા ફકરાનું વાચન.**

વરસાદ વરસે છે. પાણીમાં એક કીડી તણાઈ. કાબરે કીડીને જોઈ. કાબર કીડીને એક પાન આપે છે. કાબર કીડીને બચાવે છે.

❋ **શીખેલા અક્ષરોના લેખન માટે રેતીમાં લેખન કરાવી શકાય તેમજ હવામાં આંગળી વડે અક્ષર લેખનની પ્રવૃત્તિનો મહાવરો કરાવી શકાય.**

❋ **શીખેલા અક્ષરોનું લેખન કરાવવું.**

(૧) ટપકાં જોડી લેખન

પ, ડ, ત, ણ, ઈ, ઈ

(૨) અક્ષર

પ, ડ, ત, ણ, ઈ, ઈ

❋ **શીખેલા અક્ષરોથી બનતા શબ્દોનું શ્રુતલેખન કરાવવું.**

ઈનામ, ઈલાજ, અજગર, એરણ, સાડી, મેના, વીણા, નિસરણી

❋ **શીખેલા અક્ષરો પરથી ફકરાનું શ્રુતલેખન કરાવવું.**

ગવરી નામની બકરી. તે વડનગર આવે છે. તે વડ નીચે જમવા બેસે છે. ગવરીને મજા પડે છે. એકાએક અવાજ આવે છે. ગવરી આમતેમ નજર કરે છે. ''બાપ રે! બાપ! વડ પર સાપ!''

❁ નીચે આપેલ ચિત્રના આધારે શબ્દો અને વાક્યોનું લેખન કરાવવું.



(સંદર્ભઃ- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

- મહાવરા માટે :

❁ શબ્દોનું વાચન કરાવવું.

પાસ , પીપ , ડામ , ડેમ , રેતી , આગગાડી , ઈજનેર , ઈનામ ,પાપડી

❁ વાક્યોનું વાચન કરાવવું.

- નદી મને ગમે છે.
- એક નારી જાય છે.
- આ નિસરણી છે.
- ઈજનેર જાય છે.
- મને રમત ગમે છે.
- આવે છે, વરસાદ આવે છે.
- બેન રમત રમાડે છે.
- તાપે છે, તેજ તાપે છે.
- માપે છે, મમતા માપે છે.
- પારસ પાપડ ગણે છે.

**શિક્ષક મિત્રો, કદમ-૫,૬ની શરૂઆત કદમ-૫,૬માં આપેલ અક્ષર અને માત્રાને ન ઓળખી શકતા વિદ્યાર્થીઓને કરાવવી.**

# કદમ-૩

https://youtu.be/meMQHAj

## ◈ વિષયવસ્તુના મુદ્દા :-

લ, ટ, ચ, ખ, ૈ (બે માત્રા), ઝ, હ, ઘ, ળ, ( ુ ) ઉ, ( ૂ ) ઊ આધારિત અક્ષરો, શબ્દો, વાક્યો, ફકરાનું વાચન અને લેખન.

❁ **મૌખિક પ્રવૃત્તિ :-** વિદ્યાર્થીઓ સમક્ષ વિવિધ શબ્દોનું ઉચ્ચારણ કરો, જેમાં આપે શીખવવાના અક્ષરનો ધ્વનિ સંભળાતો હોય અને સાથે એવા શબ્દોનું પણ ઉચ્ચારણ કરો, જેમાં અક્ષરનો ધ્વનિ ન સંભળાતો હોય. જો વિદ્યાર્થીઓને તેનો ધ્વનિ સંભળાશે, તો તાળી પાડશે. નહીં સંભળાય, તો તાળી પાડશે નહીં.

❁ **ચિત્ર પરથી અક્ષર પરિચય.**




(સંદર્ભ:- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

❁ **અક્ષર ઓળખ મહાવરો :-** વિદ્યાર્થીઓ સમક્ષ એવા શબ્દો મૂકવા જેમાં ઓળખ કરાવેલ અક્ષર આવતો હોય. જેનું સ્થાન આગળ, વચ્ચે કે પાછળ હોય અને વિદ્યાર્થી તે અક્ષર ઓળખી બતાવે. આ રીતે વિદ્યાર્થીઓને અક્ષરનો મહાવરો કરાવવો.

❁ **નીચેના જેવા શબ્દો આપી અક્ષરનો મહાવરો કરાવવો.**

ટ - ટચલી, ટપક, ટનાટન, પાટલી (શબ્દોમાં 'ટ' ઉપર ☐ કરવું.)


ચ - ચકલી, ચકરડી, ચમેલી, બચત (શબ્દોમાં 'ચ' ઉપર ☐ કરવું.)

લ - લખોટી, લજામણી, લપસણી, વેલણ (શબ્દોમાં 'લ' ઉપર ☐ કરવું.)

ખ - ખલ, ખજાનચી, શંખ, ખખડાટ (શબ્દોમાં 'ખ' ઉપર ☐ કરવું.)

દૈ - દૈનિક, દૈવત, સદૈવ (શબ્દોમાં 'દૈ' ઉપર ☐ કરવું.)

❁ **અક્ષરોના ઉપયોગથી બનતા નીચેના જેવા શબ્દોનું વાચન કરાવવું.**



❁ **શીખેલા અક્ષરોના આધારે શબ્દોનું મુખરવાચન કરાવવું.**
**(તૂટક-તૂટક અક્ષરને બદલે શબ્દવાચનનો મહાવરો કરાવવો.)**

લાખ, રેખા, ટેવ, ચૈતર, જૈન, વટાણા, લપસણી, ઐરાવત, નૈતિક, બાજરી, કૈલાસ, બિલાડી, બીકણ


❁ **શીખેલા શબ્દોને આધારે વાક્યોનું મુખરવાચન કરાવવું.(વાચન પ્રવાહિતા સાથે.)**

- કાબર આવે છે.
- સેજલ ઘરે જાય છે.
- આ ઐરાવત છે.
- આ ટપાલી જાય છે.
- રાજા વગાડે વાજા.

❁ **શીખેલા અક્ષરોના લેખન માટે રેતીમાં લેખન કરાવી શકાય તેમજ હવામાં આંગળી વડે અક્ષર લેખનની પ્રવૃત્તિનો મહાવરો કરાવી શકાય.**

❁ **શીખેલા અક્ષરોનું લેખન કરાવવું.**

(૧) ટપકાં જોડી લેખન



(૨) અક્ષરલેખન

લ, ટ, ચ, ખ

❁ **શીખેલા અક્ષરોથી બનતા શબ્દોનું શ્રુતલેખન કરાવવું.**

રેત, ખેતર, ગાજર, લાકડી, ચૈતર, વાણી, દાણા, વરસાદ, ટેકરી

❁ **શીખેલા અક્ષરો પરથી વાક્યોનું શ્રુતલેખન કરાવવું.**

- રોનક પાસે દસ લખોટી છે.
- રાજા વગાડે વાજા.
- કૈવલ પાસે બાર લખોટી છે.
- આ મકાઈનો છોડ છે.
- જુવારની કાપણી થાય છે.
- રાજુ વગાડે વાજુ.

❁ **શીખેલા અક્ષરો પરથી ફકરાનું શ્રુતલેખન કરાવવું.**

- માછલી તરે સર સર સર. પાણીમાં કરે ફર ફર ફર. નદી એનું ઘર ઘર ઘર. મગરનો એને ડર ડર ડર.
- ગવરી નામની બકરી. તે વડનગર આવે છે. તે વડ નીચે જમવા બેસે છે. ગવરીને મજા પડે છે.

❁ **મૌખિક પ્રવૃત્તિ :-** વિદ્યાર્થીઓ સમક્ષ વિવિધ શબ્દોનું ઉચ્ચારણ કરો, જેમાં આપે શીખવવાના અક્ષરનો ધ્વનિ સંભળાતો હોય અને સાથે એવા શબ્દોનું પણ ઉચ્ચારણ કરો, જેમાં અક્ષરનો ધ્વનિ ન સંભળાતો હોય. જો વિદ્યાર્થીઓને તેનો ધ્વનિ સંભળાશે, તો તાળી પાડશે. નહીં સંભળાય, તો તાળી પાડશે નહીં.

https://youtu.be/KMSh57IMkpM

❁ **ચિત્ર પરથી અક્ષર પરિચય.**




(સંદર્ભઃ- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

❁ **અક્ષર ઓળખ મહાવરો :-** વિદ્યાર્થીઓ સમક્ષ એવા શબ્દો મૂકવા જેમાં ઓળખ કરાવેલ અક્ષર આવતો હોય. જેનું સ્થાન આગળ,વચ્ચે કે પાછળ હોય અને વિદ્યાર્થી તે અક્ષર ઓળખી બતાવે. આ રીતે વિદ્યાર્થીઓને અક્ષરનો મહાવરો કરાવવો.

❁ **નીચેના જેવા શબ્દો આપી અક્ષરનો મહાવરો કરાવવો.**

ઝ - ઝરણું, ઝબૂક, ઝટ (શબ્દમાં 'ઝ' ઉપર ☐ કરવું.)

હ - હજૂર, હરણ, હજ, હક (શબ્દમાં 'હ' ઉપર ☐ કરવું.)

ઘ - ઘટાદાર, ઘર, ઘડિયાળ, ઘનઘોર (શબ્દમાં 'ઘ' ઉપર ☐ કરવું.)

ળ - નળ, જામફળ, ઝાકળ, મૂળ (શબ્દમાં 'ળ' ઉપર ☐ કરવું.)

❁ **અક્ષરોના ઉપયોગથી બનતા નીચેના જેવા શબ્દોનું વાચન કરાવવું.**

ઝા લ ર → ઝાલર

ઈ લા જ → ઈલાજ

❁ **શીખેલા અક્ષરોના આધારે શબ્દોનું મુખરવાચન કરાવવું.**
**(તૂટક-તૂટક અક્ષરને બદલે શબ્દવાચનનો મહાવરો કરાવવો.)**

બરણી, કાબર, મેદાન, નૈતિક, સૈનિક, હેત, નળ , ઝાકળ, કુમાર, સુરત, સૂરજ, કબૂતર

❁ **શીખેલા શબ્દોને આધારે વાક્યોનું મુખરવાચન કરાવવું. (વાચન પ્રવાહિતા સાથે.)**

- આ ઝાડની ડાળી છે. - કબૂતર ઊડે છે. - નળ ટપકે ટપ
- હરણ સામે જાય છે. - બાળકને ઘુવડ ગમે છે. - શરદ લખે છે.
- જામફળ એ ફળ છે. - કેવલ લેસન કરે છે. - છગન ઝડપી ચાલે છે.

❁ **શીખેલા અક્ષરોના લેખન માટે રેતીમાં લેખન કરાવી શકાય તેમજ હવામાં આંગળી વડે અક્ષર લેખનની પ્રવૃત્તિનો મહાવરો કરાવી શકાય.**

❁ **શીખેલા અક્ષરોનું લેખન કરાવવું.**

(૧) ટપકાં જોડી લેખન (૨) અક્ષરલેખન

ઝ ઘ હ ળ ઉ ઊ ઝ, હ, ઘ, ળ, ઉ, ઊ

❁ **શીખેલા અક્ષરોથી બનતા શબ્દોનું શ્રુતલેખન કરાવવું.**

સેવા, વહાણ, બકરી, ઐરાવત, બિલાડી, હરણ, ઘર, ઘટાદાર, તળાવ, ઊન, આજુબાજુ ઝબૂક, કબૂતર

❁ **શીખેલા અક્ષરો પરથી વાક્યોનું શ્રુતલેખન કરાવવું.**

- કાબર ચણે છે. - નૂતન પૂજા કર. - અદિતિ દાળિયા ખા.
- સૈનિક જાય છે. - સુહાની સૂપડી આપ. - બિલાડી દૂધ ચાટે છે.
- આ ઝાડની ડાળી છે. - આકાશ કાગળ લાવ. - નિખિલ સિતાર વગાડે છે.

❁ **શીખેલા અક્ષરો પરથી ફકરાનું શ્રુતલેખન કરાવવું.**

- કૈલાસ અને કેતન ભાઈ-બહેન. ભાઈ-બહેન ખૂબ મજાક કરે. નવીનવી મજાક કરે. દાદા ભાઈ-બહેનને ખૂબ સમજાવે.

❁ નીચે આપેલ ચિત્રના આધારે શબ્દો અને વાક્યોનું લેખન કરાવવું.



(સંદર્ભ:- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

## ● મહાવરા માટે :

❁ **શબ્દોનું વાચન કરાવવું.**

રાખડી, લાકડી , ચાવી , ખેતર , દૈનિક ,ઐરાવત , ઝૂલણ , મરઘી, ઊન ,વૈરાગ ,ઘૂઘરી ,વૈદેહી

❁ **આપેલ વાક્યોનું વાચન કરાવો :**

- આ વૈદિક ગણિત છે.
- કાકા કાકીને પૈસા આપે છે.
- આ ઝાડની ડાળી છે.
- સુહાની સૂપડી આપે છે.
- નૈતિક સૈનિક પાસે જા.
- કાબર-કબૂતર મેદાન પર ચણે છે.
- હેત દૂધ પીવે છે.
- ઘુવડ રાતે જાગે છે.
- સૈનિકો સેવા કરે છે.
- કાબર આસપાસ જુએ છે.
- નવલ નાચે છે.

**શિક્ષક મિત્રો, કદમ-૭,૮ની શરૂઆત કદમ-૭,૮માં આપેલ અક્ષર અને માત્રાને ન ઓળખી શકતા વિદ્યાર્થીઓને કરાવવી.**

# કદમ-૪

https://youtu.be/Qv07CnAGdLU

## ◈ વિષયવસ્તુના મુદ્દા :-

ભ,ય,ધ,ફ, ો,ૌ, ઢ, ઠ, શ, થ, ં (અનુસ્વાર) આધારિત અક્ષરો, શબ્દો,વાક્યો, ફકરાનું વાચન અને લેખન.

❁ **મૌખિક પ્રવૃત્તિ :-** વિદ્યાર્થીઓ સમક્ષ વિવિધ શબ્દોનું ઉચ્ચારણ કરો, જેમાં આપે શીખવવાના અક્ષરનો ધ્વનિ સંભળાતો હોય અને સાથે એવા શબ્દોનું પણ ઉચ્ચારણ કરો, જેમાં અક્ષરનો ધ્વનિ ન સંભળાતો હોય. જો વિદ્યાર્થીઓને તેનો ધ્વનિ સંભળાશે, તો તાળી પાડશે. નહીં સંભળાય, તો તાળી પાડશે નહીં.

❁ **ચિત્ર પરથી અક્ષર પરિચય.**
























(સંદર્ભ:- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

❁ **અક્ષર ઓળખ મહાવરો :-** વિદ્યાર્થીઓ સમક્ષ એવા શબ્દો મૂકવા જેમાં ઓળખ કરાવેલ અક્ષર આવતો હોય, જેનું સ્થાન આગળ, વચ્ચે કે પાછળ હોય અને વિદ્યાર્થી તે અક્ષર ઓળખી બતાવે. આ રીતે વિદ્યાર્થીઓને અક્ષરનો મહાવરો કરાવવો.

❁ **નીચેના જેવા શબ્દો આપી અક્ષરનો મહાવરો કરાવવો.**

ભ - ભમરડો, આભ, ભડકો, ભજન (શબ્દમાં 'ભ' ઉપર ☐ કરવું.)

ધ - ધરતી, ધરમ, ધોધ, ગીધ (શબ્દમાં 'ધ' ઉપર ☐ કરવું.)

ય - યતીન, યજ્ઞ, નિલય (શબ્દમાં 'ય' ઉપર ☐ કરવું.)

ફ - ફરજ, ફરાળ, નફરત, સાફ (શબ્દમાં 'ફ' ઉપર ☐ કરવું.)

ઢ - ઢસરડો, ઢમઢમ, અઢળક (શબ્દમાં 'ઢ' ઉપર ☐ કરવું.)

ઠ - ઠરાવ, મઠ, કઠણ (શબ્દમાં 'ઠ' ઉપર ☐ કરવું.)

શ - શતરંજ, શરણ, શણગાર (શબ્દમાં 'શ' ઉપર ☐ કરવું.)

થ - નાથ, સંગાથ, થડ (શબ્દમાં 'થ' ઉપર ☐ કરવું.)

ઓ - ઓળખ, ઓરડી, જાઓ, ઓમકાર (શબ્દમાં 'ઓ' ઉપર ☐ કરવું.)

ધો - ધોકો, ધોધમાર, ધોરણ (શબ્દમાં 'ધો' ઉપર ☐ કરવું.)

ઔ - ઔષધ, ઔષધાલય (શબ્દમાં 'ઔ' ઉપર ☐ કરવું.)

અં - અંદર, અંગત, અંશ (શબ્દમાં 'અં' ઉપર ☐ કરવું.)

❁ અક્ષરોના ઉપયોગથી બનતા નીચેના જેવા શબ્દોનું વાચન કરાવવું.

| ધ | મા | લ | | ય | તિ | ન |
|---|---|---|---|---|---|---|

ધમાલ    યતિન

❁ શીખેલા અક્ષરોના આધારે શબ્દોનું મુખરવાચન કરાવવું.
(તૂટક-તૂટક અક્ષરને બદલે શબ્દવાચનનો મહાવરો કરાવવો.)

ભમરડો, યતિ, ઠળિયો, થાળી, ધજા, ઓળખ, ઢગલો, ઢીંગલી, ફોરમ, ભૌમિક, શંખ, ઢોકળા

❁ શીખેલા શબ્દોને આધારે વાક્યોનું મુખરવાચન કરાવવું. (વાચન પ્રવાહિતા સાથે.)

- ભમરડો ફરે છે.
- થાળી ગોળ હોય છે.
- ધજા ફરકે છે.
- શંખ સફેદ છે.
- ગૌરવ ચા પીએ છે.

❁ શીખેલા શબ્દોને આધારે ફકરાનું મુખરવાચન કરાવવું.

હાથી ભાઈ તો જાડા, લાગે મોટા પાડા.
આગળ લટકે લાંબી સૂંઢ, પાછળ લટકે ટૂંકી પૂંછ.
પેટ મોટું કોઠી જેવું, સૂપડા જેવા કાન.

❁ શીખેલા અક્ષરોના લેખન માટે રેતીમાં લેખન કરાવી શકાય તેમજ હવામાં આંગળી વડે અક્ષર લેખનની પ્રવૃત્તિનો મહાવરો કરાવી શકાય.

❁ શીખેલા અક્ષરોનું લેખન કરાવવું.

(૧) ટપકાં જોડી લેખન

ભ ય ધ ફ ઢ ઠ શ થ

(૨) અક્ષર લેખન

ભ ય ધ ફ ઢ ઠ શ થ

❁ શીખેલા અક્ષરોથી બનતા શબ્દોનું શ્રુતલેખન કરાવવું.

ભમરડો, યતિ, ધજા, ફોરમ, મોરબી, કૌરવ, ભીમ, ફાફડા, ભૌતિક, ચૈતાલી, ઠળિયો, બંગડી, ઢોલક

❁ શીખેલા અક્ષરો પરથી વાક્યોનું શ્રુતલેખન કરાવવું.

- ચૌદશ પછી પૂનમ આવે છે.
- ઢોલ વાગે છે.
- છોકરીઓ ખોખો રમે છે.
- બોરમાં ઠળિયો હોય છે.

❁ શીખેલા અક્ષરો પરથી ફકરાનું શ્રુતલેખન કરાવવું.

હાથી ભાઈ તો જાડા, લાગે મોટા પાડા.
આગળ લટકે લાંબી સૂંઢ, પાછળ લટકે ટૂંકી પૂંછ.
પેટ મોટું કોઠી જેવું, સૂપડા જેવા કાન.

● **મહાવરા માટે :**

❁ નીચે આપેલા શબ્દોનું વાચન અને લેખન કરાવવું.

- સૈનિકો સેવા કરે છે.
- ગૌરવ ગીત ગાય છે.
- બોર ખાઈ ઠળિયો કચરાપેટીમાં નાખો.
- છોકરીઓ દોડવા લાગી.
- તુલસી ઔષધ છે.
- હોળીના તહેવારે ઢોલ વાગે છે.

- આકાશ ઓરડી આગળ ઊભો છે.
- ધોધમાર વરસાદ પડે છે.
- નીલમ ઓમકાર કરે છે.
- રમીલા ધોરણ-૩ માં ભણે છે.
- ભૌમિક ભૌમિતિક આકારો દોરે છે.
- કરણ થાળી વગાડે છે.
- જતીન બારણાની પાછળ છે.
- હાથીભાઈ ધમધમ ચાલે છે.

❉ **ચિત્ર આધારે શબ્દો કે વાક્યોનું લેખન કરાવવું.**




(સંદર્ભઃ- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

● **મહાવરા માટે :**

❉ **શબ્દોનું વાચન કરાવવું.**

ભુજ, ઢબુ, ઢાલ, થડ, ઠૂમકો, ભાનુ, ભૂચર, ફુવારો, ભૂસકો

❉ **વાક્યોનું વાચન કરાવવું.**

- ભૂમિકા રમે છે.
- બાળક ભૂગોળ ભણે છે.
- સાધુ મઢુલીમાં રહે છે.
- મયૂર મૂળા ખાય છે.
- ભાવિન ભૂસકો મારે છે.
- અરડૂસી કડવી લાગે છે.
- આકાશ અજગરને રમાડે છે.
- આજે ધોધમાર વરસાદ આવે છે.
- બકરી બેં-બેં કરે છે.
- કૈલાસ અને ભૂમિકા ગીત ગાય છે.
- લોકો હોળી ઊજવે છે.
- મને દિવાળી ખૂબ ગમે છે.
- ગૌરવ ગીત ગાય છે.

**શિક્ષક મિત્રો, ચાલો યાદ કરીએમાં આપેલ અક્ષર અને માત્રાના મહાવરા માટે વિદ્યાર્થીઓને કરાવવી.**

# કદમ-૫

● **વિષયવસ્તુના મુદ્દા :-** કદમ ૧ થી ૪ નું પુનરાવર્તન.

❁ **ચિત્ર પરથી અક્ષર પરિચય.**




(સંદર્ભ:- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

❁ **નીચેના જેવા શબ્દો આપી અક્ષરનો મહાવરો કરાવવો.**

- મ - મગર, આચમન, પ્રથમ (શબ્દમાં 'મ' ઉપર ☐ કરવું.)
- છ - પણછ, આઇછકલાઈ, છત્રી (શબ્દમાં 'છ' ઉપર ☐ કરવું.)
- આ - રુઆબ, આકાશ, આછું (શબ્દમાં 'આ' ઉપર ☐ કરવું.)
- જા - જામફળ, અજાયબી, બારેજા (શબ્દમાં 'જા' ઉપર ☐ કરવું.)
- વે - વેદ, આવેશ, તરવેણી (શબ્દમાં 'વે' ઉપર ☐ કરવું.)
- ચૈ - ચૈતર, ચૈતન્ય, ચૈલ (શબ્દમાં 'ચૈ' ઉપર ☐ કરવું.)
- ળ - નળ, ગળણી, આગળ (શબ્દમાં 'ળ' ઉપર ☐ કરવું.)
- ફો - નફો, ફોગટ, ફોન (શબ્દમાં 'ફો' ઉપર ☐ કરવું.)
- ભૌ - ભૌતિક, સાર્વભૌમ, ભૌગોલિક (શબ્દમાં 'ભૌ' ઉપર ☐ કરવું.)

❁ **શીખેલા અક્ષરોના આધારે શબ્દોનું મુખરવાચન કરાવવું.**

ગાજર, દેડકો, બતક, ઇયળ, ટપાલી, ઝભલું, ફોન, ભૌમિક, ઐરાવત

❁ **શીખેલા શબ્દોને આધારે વાક્યોનું મુખરવાચન કરાવવું.**

- મહેનતનો રોટલો મીઠો છે.
- છત પરથી પાણી ટપકે છે.
- ચૈત્ર મહિનામાં નોરતા આવે છે.
- પથરા ખૂબ જ કઠણ હોય છે.
- ભૌમિક ગીત ગાય છે.
- પ્રથમ ફોન પર વાત કરે છે.
- માણસ જોડે વાત કરવી.
- અહીં પાણીનો આવરો સારો છે.

❃ શીખેલા અક્ષરોના લેખન માટે રેતીમાં લેખન કરાવી શકાય તેમજ હવામાં આંગળી વડે અક્ષર લેખનની પ્રવૃત્તિનો મહાવરો કરાવી શકાય.

❃ શીખેલા અક્ષરોથી બનતા શબ્દોનું શ્રુતલેખન કરાવવું.

ગાયન, સૈયદ, ફોરમ, માણસ, ઝરણ, ફેમસ

❃ શીખેલા અક્ષરો પરથી વાક્યોનું શ્રુતલેખન કરાવવું.

- ભૌમિક ગીત ગાય છે.
- પ્રથમ ફોન પર વાત કરે છે.
- માણસ જોડે વાત કરવી.
- અહીં પાણીનો આવરો સારો છે.

❃ શીખેલા અક્ષરો પરથી ફકરાનું શ્રુતલેખન કરાવવું.

ઝરમર વરસાદ વરસે છે. વરસાદમાં એક માણસ ગાયન ગાય છે. તેના ગાયન ફેમસ છે. બધા તેના વખાણ કરે છે.

❃ નીચે આપેલ ચિત્રના આધારે શબ્દો અને વાક્યોનું લેખન કરાવવું.




(સંદર્ભઃ- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

● **મહાવરા માટે :**

- મારી પાસે ચાની કીટલી છે.
- ઢગલો ખૂબ મોટો છે.
- અમને વરસાદ ગમે છે.
- મનોજ પાસે મોટુ પુસ્તક છે.
- ઊંટને શિંગડાં નથી.

**શિક્ષક મિત્રો, કદમ-૬ ની શરૂઆત કદમ-૬ માં આપેલ જોડાક્ષર ન ઓળખી શકતા વિદ્યાર્થીઓને કરાવવી.**

## કદમ-૬


https://youtu.be/6NXejBbU2cg

### ◈ વિષયવસ્તુના મુદ્દા :-

ષ, ત્ર, જ્ઞ, ક્ષ, શ્ર, ઋ, રૂ આધારિત અક્ષરો, શબ્દો, વાક્યો, ફકરાનું વાચન અને લેખન.


❁ **મૌખિક પ્રવૃત્તિ :-** વિદ્યાર્થીઓ સમક્ષ વિવિધ શબ્દોનું ઉચ્ચારણ કરો, જેમાં આપે શીખવવાના અક્ષરનો ધ્વનિ સંભળાતો હોય અને સાથે એવા શબ્દોનું પણ ઉચ્ચારણ કરો, જેમાં અક્ષરનો ધ્વનિ ન સંભળાતો હોય. જો વિદ્યાર્થીઓને તેનો ધ્વનિ સંભળાશે, તો તાળી પાડશે. નહીં સંભળાય, તો તાળી પાડશે નહીં.

❁ **ચિત્ર પરથી અક્ષર પરિચય.**





























(સંદર્ભઃ- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

❁ **અક્ષર ઓળખ મહાવરો :-** વિદ્યાર્થીઓ સમક્ષ એવા શબ્દો મૂકવા જેમાં ઓળખ કરાવેલ અક્ષર આવતો હોય. જેનું સ્થાન આગળ, વચ્ચે કે પાછળ હોય અને વિદ્યાર્થી તે અક્ષર ઓળખી બતાવે. આ રીતે વિદ્યાર્થીઓને અક્ષરનો મહાવરો કરાવવો.

❁ **નીચેના જેવા શબ્દો આપી અક્ષરનો મહાવરો કરાવવો.**

(ષ) - ષટ્કોણ, વિષાદ, નિષાદ, મૂષક, પોષણ (શબ્દમાં 'ષ' ઉપર ◯ કરવું.)

(ત્ર) - નેત્ર, ચૈત્ર, સત્ર, મિત્ર, વાત્રક, ત્રિકોણ (શબ્દમાં 'ત્ર' ઉપર ◯ કરવું.)

(જ્ઞ) - જ્ઞાની, જ્ઞાન, વિજ્ઞાન, યજ્ઞ, પ્રજ્ઞા (શબ્દમાં 'જ્ઞ' ઉપર ◯ કરવું.)

(ક્ષ) - ક્ષણ, રક્ષક, મોક્ષ, અક્ષર, અક્ષય (શબ્દમાં 'ક્ષ' ઉપર ◯ કરવું.)

(શ્ર) - શ્રમ, આશ્રમ, શ્રમિક, શ્રવણ, શ્રદ્ધા (શબ્દમાં 'શ્ર' ઉપર ◯ કરવું.)

(ઋ) - ઋણ, ઋતુ, ઋષભ, ઋષિ, ઋગ્વેદ (શબ્દમાં 'ઋ' ઉપર ◯ કરવું.)

(રૂ) - રૂપિયો, રૂઠવું, મશરૂમ, રૂમાલ, જરૂર (શબ્દમાં 'રૂ' ઉપર ◯ કરવું.)

❁ **અક્ષરોના ઉપયોગથી બનતા નીચેના જેવા શબ્દોનું વાચન કરાવવું.**

ત્રા | જ | વું → ત્રાજવું

વિ | જ્ઞા | ન → વિજ્ઞાન

❁ **શીખેલા અક્ષરોના આધારે શબ્દોનું મુખરવાચન કરાવવું.**
**(તૂટક-તૂટક અક્ષરને બદલે શબ્દવાચનનો મહાવરો કરાવવો.)**

ષટ્કોણ, ત્રિકોણ, જ્ઞાન, ક્ષત્રિય, શ્રવણ, રૂમાલ

❁ **શીખેલા શબ્દોને આધારે વાક્યોનું મુખરવાચન કરાવવું. (વાચન પ્રવાહિતા સાથે.)**

- ઋષભ વાંચે છે.
- શ્રવણ કાવડ લઈને જાય છે.
- કનક ત્રિકોણ દોરે છે.
- ઋગ્વેદ સૌથી જૂનો વેદ છે.
- ઋષિ યજ્ઞ કરે છે.
- આ રૂમ સારો છે.
- ક્ષય એક રોગ છે.

https://youtu.be/HsUwjg9MnMg

❁ **શીખેલા શબ્દોને આધારે ફકરાનું મુખરવાચન કરાવવું.**

ઋષભને વિજ્ઞાન વિષય ગમે છે. તેને ત્રિકોણ દોરવો ખૂબ ગમે. મિત્રો સાથે વાતો કરવી પણ ગમે. તે અક્ષય સાથે જમરૂખ ખાય છે.

❁ **શીખેલા અક્ષરોનું લેખન કરાવવું.**

(૧) ટપકાં જોડી લેખન

ષ ત્ર જ્ઞ ક્ષ શ્ર ઋ રૂ

(૨) અક્ષર લેખન

ષ, ત્ર, જ્ઞ, ક્ષ, શ્ર, ઋ, રૂ

❁ **શીખેલા અક્ષરોના લેખન માટે રેતીમાં લેખન કરાવી શકાય તેમજ હવામાં આંગળી વડે અક્ષર લેખનની પ્રવૃત્તિનો મહાવરો કરાવી શકાય.**

❁ **શીખેલા અક્ષરોથી બનતા શબ્દોનું શ્રુતલેખન કરાવવું.**

ષટ્કોણ, ત્રિકોણ, જ્ઞાન, ક્ષય, શ્રવણ, ઋષભ, રૂમ


❁ **શીખેલા અક્ષરો પરથી વાક્યોનું શ્રુતલેખન કરાવવું.**

- રોહિત ત્રિકોણ દોરે છે.
- ત્રિકોણ દોરવો સહેલો છે.
- ઋષભને ક્ષયનો રોગ છે.
- રૂમનું ભાડું વધુ છે.
- ષટ્કોણને છ ખૂણા હોય છે.

❁ **શીખેલા અક્ષરો પરથી ફકરાનું શ્રુતલેખન કરાવવું.**

ઋષભને વિજ્ઞાન વિષય ગમે છે. તેને ત્રિકોણ દોરવો ખૂબ ગમે. મિત્રો સાથે વાતો કરવી પણ ગમે. તે અક્ષય સાથે જમરૂખ ખાય છે.

❋ નીચે આપેલ ચિત્રના આધારે શબ્દો અને વાક્યોનું લેખન કરાવવું.



● મહાવરા માટે : (સંદર્ભઃ- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

❋ શબ્દોનું વાચન કરાવવું.

ષટ્પદ, ત્રિલોક, જ્ઞાનસત્ર, ક્ષણ, શ્રમજીવી, ઋચા, રૂઆબ

❋ આપેલ વાક્યોનું વાચન કરાવો.

- ઋષભ રમે છે.
- રમણ ત્રિકોણ દોરે છે.
- મહેશ યજ્ઞ કરે છે.
- શ્રમિકે આજે ખૂબ મહેનત કરી.
- મને વેદની ઋચાઓ યાદ છે.
- તમારો રૂમાલ નીચે પડી ગયો.
- રાજુ મારો મિત્ર છે.
- ગણિત વિષય મને ગમે છે.
- ઉંદરને મૂષક પણ કહેવાય.
- વાંદરો વિચિત્ર નખરા કરે છે.
- હું ગુરુની આજ્ઞા માનું છું.
- મંદિરમાં યજ્ઞ થાય છે.

શિક્ષક મિત્રો, કદમ-૧૦ની શરૂઆત કદમ-૧૦માં આપેલ જોડાક્ષર ન ઓળખી શકતા વિદ્યાર્થીઓને કરાવવી.

# કદમ-૭

https://youtu.be/dj-Tn-NxOag

## ◈ વિષયવસ્તુના મુદ્દા :-

ન, મ, ગ, વ, સ, બ, અ,પ, ત, ણ, લ, ચ, ખ,ઘ, ભ,ય, ધ, શ, થ, ષ ઉપરાંત ત્ર, જ્ઞ, ક્ષ, શ્ર જેવા જોડાક્ષરો આધારિત શબ્દો,વાક્યો, ફકરાનું વાચન અને લેખન.

❁ **અક્ષરોના ઉપયોગથી બનતા નીચેના જેવા શબ્દોનું વાચન કરાવવું.**

છ + પ્પ + ન → છપ્પન

ગ + બ્બ + ર → ગબ્બર

❁ **સદંડી જોડાક્ષર શબ્દોનો વાચન દ્વારા પરિચય કરાવો.**

| | | |
|---|---|---|
| ચોપ્પન | પૃથ્વી | અકલ્પ |
| મમ્મટ | ધ્યાન | આવ્યા |
| લખ્યું | અન્યાય | મુશ્કેલી |
| વાંચ્યું | બ્યાશી | રહસ્ય |
| ગણ્યું | અભ્યાસ | વનસ્પતિ |
| અસત્ય | રમ્યા | અચ્ચર |

❁ **નીચેના જેવા શબ્દો આપી જોડાક્ષરોનો મહાવરો કરાવવો.**

| | | |
|---|---|---|
| ન - વન્ય, ધન્ય | ત - અસત્ય, સત્ય | ધ - ધ્યાન |
| મ - બમ્પર, ગમ્મત | ણ- ગણ્યું, લાવણ્ય | શ - લશ્કર, મુશ્કેલી |
| ગ - વૈરાગ્ય, યોગ્ય | લ -કલ્પેશ, અલ્પાહાર | થ - પથ્થરો, જથ્થો |
| વ - વનસ્પતિ, અવ્વલ | ચ - કચ્ચર, બચ્ચું | ષ - પુષ્પ, રાષ્ટ્રધ્વજ |
| સ - સ્લેટ, દોસ્તી | ખ- બખ્તર, ખ્યાલ | ત્ર - સ્ત્રી, શાસ્ત્ર |
| બ - ગબ્બર, ડબ્બો | ભ - ઝભ્ભો, સભ્ય | ક્ષ - લક્ષ્મી, લક્ષ્ય |
| પ - ગુપ્ત, થપ્પી | ય- ક્યાંક, પડ્યો | શ્વ - ઈશ્વર, શ્વાન |

❁ **શીખેલા અક્ષરોના આધારે શબ્દોનું મુખરવાચન કરાવવું.**
**(તૂટક-તૂટક અક્ષરને બદલે શબ્દવાચનનો મહાવરો કરાવવો.)**

ધ્વજ, વૈરાગ્ય, ખચ્ચર, નીકળ્યો, દોસ્તી

❁ **શીખેલા શબ્દોને આધારે વાક્યોનું મુખરવાચન કરાવવું.(વાચન પ્રવાહિતા સાથે.)**

- પુસ્તકોની થપ્પી લઈને કલ્પના આવે છે.
- ચારે જણા ભેગા મળી પથ્થરને ખસેડે છે.
- અરવલ્લી એક જિલ્લાનું નામ છે.
- ભગવાન પ્રત્યે શ્રદ્ધા રાખવી જોઈએ.
- વિદ્યાર્થીઓ બાગમાં કલ્લોલ કરે છે.
- અપ્પુ અને પપ્પુ લસ્સી પીએ છે .
- ચકલીનું બચ્ચું બોલ્યું.
- સ્વાતિએ કેરીનો સ્વાદ ચાખ્યો.
- બધાને રંગબેરંગી ફુગ્ગા ગમે છે.
- મારા પતંગની કિન્ના બાંધી આપો.
- હું શાળામાં અભ્યાસ કરું છું.
- બિલાડી મ્યાઉં મ્યાઉં બોલે છે.

❁ **શીખેલા શબ્દોને આધારે ફકરાનું મુખરવાચન કરાવવું.**

થોડીવાર પછી સંસ્કૃતના શ્લોક બોલતા પંડિતજી રસ્તા પર ચાલતા આવ્યા. એમનું ધ્યાન રસ્તા પર પડેલા પથ્થર પર ન હતું, એટલે એમને પથ્થરની ઠોકર લાગી. એમના પગમાંથી લોહી નીકળ્યું. પંડિતજી બોલી ઊઠ્યા: ''અરે ! આ તો લોહી નીકળ્યું છે.''

❁ **શીખેલા અક્ષરોના લેખન માટે રેતીમાં લેખન કરાવી શકાય તેમજ હવામાં આંગળી વડે અક્ષરલેખનની પ્રવૃત્તિનો મહાવરો કરાવી શકાય.**

❁ **શીખેલા અક્ષરોથી બનતા શબ્દોનું શ્રુતલેખન કરાવવું.**

લખ્યું, ભાગ્ય, વાચ્યું, ગણ્યું, રમ્યા, નીકળ્યા, લાવ્યા, પુષ્પ, શિષ્ય, બન્યો, અભ્યાસ, ગુપ્ત, ધ્યાન, લશ્કર, પથ્થરો, વ્યાસ, વ્યાજ, અગમ્ય, અગ્નિ, ઉત્પન્ન

❁ **શીખેલા અક્ષરો પરથી વાક્યોનું શ્રુતલેખન કરાવવું.**

- રોહિત ત્રિકોણ દોરે છે.
- ત્રિકોણ દોરવો સહેલો છે.
- ઋષભને ક્ષયનો રોગ છે.
- રૂમનું ભાડું વધુ છે.
- ષટ્કોણને છ ખૂણા હોય છે.

❁ **શીખેલા અક્ષરો પરથી ફકરાનું શ્રુતલેખન કરાવવું.**

થોડીવાર પછી સંસ્કૃતના શ્લોક બોલતા પંડિતજી રસ્તા પર ચાલતા આવ્યા. એમનું ધ્યાન રસ્તા પર પડેલા પથ્થર પર ન હતું, એટલે એમને પથ્થરની ઠોકર લાગી. એમના પગમાંથી લોહી નીકળ્યું. પંડિતજી બોલી ઊઠ્યા: ''અરે ! આ તો લોહી નીકળ્યું છે.''

ઊટ્યાં.

❁ **નીચે આપેલ ચિત્રના આધારે વાક્યોનું લેખન કરાવવું.**



(સંદર્ભ:- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

**શિક્ષક મિત્રો, કદમ-૧૧ની શરૂઆત કદમ-૧૧માં આપેલ જોડાક્ષર ન ઓળખી શકતા વિદ્યાર્થીઓને કરાવવી.**

# કદમ-૮

https://youtu.be/QbC5iLex9qQ

◈ **વિષયવસ્તુના મુદ્દા :-** દંડરહિત સમાન અક્ષરોના જોડાક્ષરો

❀ **ચિત્ર પરથી અક્ષરના જોડાક્ષરોનો પરિચય.**


ચિઠ્ઠી


માપપટ્ટી


બુટ્ટી

❀ **શીખેલા અક્ષરોના આધારે શબ્દોનું મુખરવાચન કરાવવું.**
**(તૂટક-તૂટક અક્ષરને બદલે શબ્દવાચનનો મહાવરો કરાવવો.)**

ચિઠ્ઠી, પટ્ટી, છઠ્ઠી, ગઠ્ઠો, ઝટ્ટ, મુઠ્ઠી, કબડ્ડી, છઠ્ઠા

❀ **શીખેલા શબ્દોને આધારે વાક્યોનું મુખરવાચન કરાવવું. (વાચન પ્રવાહિતા સાથે.)**

- મેં કાનમાં બુટ્ટી પહેરી છે.
- માનવ છઠ્ઠા ધોરણમાં ભણે છે.
- સૈનિકો સજ્જ થાય છે.
- મને કબડ્ડી રમવી ગમે છે.
- પપ્પાએ મને માપપટ્ટી લાવી આપી.
- મારી મુઠ્ઠીમાં ચોકલેટ છે.

❀ **શીખેલા અક્ષરોથી બનતા શબ્દોનું શ્રુતલેખન કરાવવું.**

ચિઠ્ઠી, પટ્ટી, છઠ્ઠી, ગઠ્ઠો, ઝટ્ટ, મુઠ્ઠી, કબડ્ડી, છઠ્ઠા

❀ **શીખેલા અક્ષરો પરથી વાક્યોનું શ્રુતલેખન કરાવવું.**

- મેં કાનમાં બુટ્ટી પહેરી છે.
- માનવ છઠ્ઠા ધોરણમાં ભણે છે.
- પપ્પાએ મને માપપટ્ટી લાવી આપી.
- મને કબડ્ડી રમવી ગમે છે.
- મારી મુઠ્ઠીમાં ચોકલેટ છે.

● **અન્ય પ્રવૃત્તિઓ :**

❀ **અક્ષર જોડી શબ્દો બનાવીને લખાવવા.**

પ → ટ્ટી
બુ → ટ્ટી
માપપ → ટ્ટી

❀ **આપેલાં વાક્યોમાંથી જોડાક્ષરો શોધીને બાજુના ☐ માં લખાવવું.**

| | | | |
|---|---|---|---|
| લોખંડનો ગઠ્ઠો. | ☐ | ચમનની ચિઠ્ઠી | ☐ |
| મુન્ની રમે છે. | ☐ | કક્કો લખો. | ☐ |
| ચિઠ્ઠી લખો. | ☐ | બિલ્લી ભાગે છે | ☐ |


❀ **આપેલા શબ્દો સુધારીને લખાવો.**

ઉદા : ડબબો : ડબ્બો

ધકકો : ................ મુઠઠી : ................

મુનની : .............. બિલલી :................

❀ **નીચે આપેલ ચિત્રના આધારે વાક્યોનું લેખન કરાવવું.**



(સંદર્ભઃ- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

- **મહાવરા માટે :**

❀ **નીચે આપેલા શબ્દો વંચાવો અને લખાવો.**

લિસ્સો, ડબ્બો, પલ્લવી, મુક્કો, નક્કોર, કક્કો, તુક્કલ, જિલ્લો, જમ્મુ, કલ્લોલ, અપ્પુ

❀ **આપેલાં વાક્યોનું વાચન કરાવો.**

- પથ્થર લિસ્સો અને ગોળ છે.
- રસ્સી એટલે દોરડું.
- વિદ્યાર્થીઓ કલ્લોલ કરે છે.
- સિક્કિમ એક રાજ્ય છે.
- બાળકો કબડ્ડી રમે છે.
- મોહન સુસજ્જ થઈ શાળાએ જાય છે.
- બાળકો મુઠ્ઠીમાં રેત ભરે છે.
- મગન માપપટ્ટીથી માપે છે.
- મને કક્કો આવડે છે.
- આ મોટો પટ્ટો છે.
- આ માપપટ્ટી મારી છે.
- મને શક્કરિયું ભાવે છે.
- મારી બહેને બુટ્ટી પહેરી છે.

**શિક્ષક મિત્રો, કદમ-૧૨ની શરૂઆત કદમ-૧૨માં આપેલ જોડાક્ષર ન ઓળખી શકતા વિદ્યાર્થીઓને કરાવવી.**

# કદમ-૯

https://youtu.be/yECR4rpYUbk

**વિષયવસ્તુના મુદ્દા :-** અસમાન જોડાક્ષરો આધારિત અક્ષરો, શબ્દો, વાક્યો, ફકરાનું વાચન અને લેખન.

- **ચિત્ર પરથી અક્ષરના જોડાક્ષર પરિચય.**


ધ્વજ


હસ્ત


ચિઠ્ઠી


સૈન્ય


પ્લેટ


પુષ્પ

- **શીખેલા અક્ષરોના આધારે શબ્દોનું મુખરવાચન કરાવવું.**
**(તૂટક-તૂટક અક્ષરને બદલે શબ્દવાચનનો મહાવરો કરાવવો.)**
વ્યાજ, કિન્નરી, સ્થળ, વયસ્કો, વ્યસ્ત, સ્વસ્થ, હસ્તાક્ષર, સ્વચ્છ

- **શીખેલા શબ્દોને આધારે વાક્યોનું મુખરવાચન કરાવવું.(વાચન પ્રવાહિતા સાથે.)**
  - મારી સ્લેટ ચોખ્ખી છે.
  - આ પાણી ચોખ્ખું છે.
  - આ ડબ્બામાં લખોટી છે.
  - હું તંદુરસ્ત છું.
  - નયન પાસે માપપટ્ટી છે.
  - વિદ્યાર્થીઓને બિલ્લી ગમે છે.
  - ધ્વજ ફરકાવવાની મજા આવે છે.
  - આ જગ્યા સુંદર દેખાય છે.


- **શીખેલા શબ્દોથી બનતા ફકરાનું મુખરવાચન કરાવવું.**

મારા ગામમાં વયસ્કો ખૂબ જ છે. બધા જ લોકો હળીમળીને રહે છે. મારી ઈચ્છા બધાને યાત્રા કરાવવાની છે. એટલે મેં બધાને બદ્રીનાથ, કેદારનાથ, ઋષિકેશ, હરિદ્વાર જેવા સ્થળોએ યાત્રા કરાવી, બધા વયસ્કો ખૂબ જ ખુશ થઈ ગયા.

- **શીખેલા જોડાક્ષરોથી બનતા શબ્દોનું શ્રુતલેખન કરાવવું.**
સૈન્ય, ધ્વજ, ચિઠ્ઠી, માપપટ્ટી, સ્વચ્છ

- **શીખેલા અક્ષરો પરથી વાક્યોનું શ્રુતલેખન કરાવવું.**
  - મેં દાદાને પૂછ્યું.
  - યોગ્યતા વગર નોકરી ન મળે.
  - મારી મુઠ્ઠી વળેલી છે.
  - આપણે પરસ્પર એક છીએ.
  - ભજિયાંનો સ્વાદ મને ખૂબ ગમે છે.
  - લાલ કિલ્લા પર ધ્વજ લહેરાય છે.
  - આપણે પુણ્ય કરવું જોઈએ.
  - ભગવાનના હસ્તકમળ શોભે છે.
  - સૂરજ લશ્કરમાં જોડાયો છે.
  - પપ્પાએ પ્લેટમાં પાપડી આપી.
  - મેં મારી હકીકત નવલકથા વાંચી.
  - બગીચામાં પુષ્પો ખીલી ઊઠ્યાં.
  - નરેશ કુસ્તીમાં કુશળ છે.
  - સૈન્ય કૂચ કરી રહ્યું છે.

❀ નીચે આપેલ ચિત્રના આધારે વાક્યોનું લેખન કરાવવું.



(સંદર્ભ:- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

● **મહાવરા માટે :**

❀ નીચે આપેલા શબ્દો વંચાવો અને લખાવો. (વાચન પ્રવાહિતા સાથે.)

- મોહન મુઠ્ઠી વાળી દોડ્યો.
- વિશ્વા છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરે છે.
- બિલ્લી મ્યાઉં મ્યાઉં કરે છે.
- તમારા જિલ્લા અને રાજ્યનું નામ શું છે?
- પંદરમી ઓગસ્ટ એટલે સ્વાતંત્ર્ય દિન.
- પાંદડાં લીલા રંગનાં હોય છે.
- બાપાને ચક્કર આવે છે.
- આપણું પાડોશી રાજ્ય રાજસ્થાન છે.
- હું શાળામાં અભ્યાસ કરું છું.
- મેં આજે ઍમ્બ્યુલન્સ જોઈ.
- આ મારી જગ્યા છે.
- નળ પક્કડ વડે ખૂલે.

❀ નીચે આપેલ ફકરાનું વાચન અને લેખન કરાવવું.

(૧) ઉનાળામાં સખત ગરમી પડે છે. ગરમીથી રાહત મેળવવા લોકો સફેદ સુતરાઉ કપડાં પહેરે છે. ઉનાળાનો બપોર ઘણો આકરો હોઈ રસ્તા પર લોકોની અવર - જવર ઓછી થઈ જાય છે. લોકો પંખા ચાલુ કરી ઘરમાં આરામ કરે છે.

(૨) ''શાબાશ બેટા, શાબાશ! તું જરૂર કૂદકા લગાવી શકીશ. તું જરૂર સહુની માફક દોડી શકીશ. જો તું હિંમત નહિ હારે તો તું ધારીશ તે કરી શકીશ.'' વૉલ્ટરની માતા પોતાના અપંગ બનેલા પુત્રની હિંમતને બરાબર જગાડતી રહેતી.

(૩) એક રાજ્યમાં આનંદરાજ નામે રાજા રાજ કરતો હતો. તે ખૂબ ન્યાયપ્રિય અને પ્રજાવત્સલ હતો. આ રાજ્યની પ્રજા પણ ખૂબ પ્રામાણિક અને કર્મકુશળ હતી. રાજા અને પ્રજા પરસ્પર ખૂબ માન-સન્માન જાળવતા. બધા પોતાની જાતને ભાગ્યશાળી માનતા.

**શિક્ષક મિત્રો, કદમ-૧૩ની શરૂઆત કદમ-૧૩માં આપેલ જોડાક્ષર ન ઓળખી શકતા વિદ્યાર્થીઓને કરાવવી.**

# કદમ-૧૦

https://youtu.be/UEMZBXPci5M

◈ **વિષયવસ્તુના મુદ્દા :-** પૃ, પ્ર, ક્ર, ર્વ જેવા જોડાક્ષરો આધારિત અક્ષરો, શબ્દો, વાક્યો, ફકરાનું વાચન અને લેખન.

❁ **ચિત્ર આધારિત અક્ષર પરિચય :**


પ્રતિમા


માર્ગ


વૃક્ષ


પ્રણામ


પર્વત


દર્પણ

(સંદર્ભઃ- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

❁ **નીચેના જેવા શબ્દો આપી અક્ષરનો મહાવરો કરાવવો.**

ક્ર - ચક્ર, ક્રમ ,શુક્ર (શબ્દમાં 'ક્ર' ઉપર ☐ કરવું.)

પ્ર - પ્રણામ, પ્રજા, પ્રસંગ, પ્રવાસ (શબ્દમાં 'પ્ર' ઉપર ☐ કરવું.)

મૃ - મૃગ, મૃત, મૃદંગ (શબ્દમાં 'મૃ' ઉપર ☐ કરવું.)

ર્મ - ધર્મ , મર્મ, કર્મ (શબ્દમાં 'ર્મ' ઉપર ☐ કરવું.)

❁ **શીખેલા અક્ષરોના આધારે શબ્દોનું મુખરવાચન કરાવવું.**
**(તૂટક-તૂટક અક્ષરને બદલે શબ્દવાચનનો મહાવરો કરાવવો.)**

પર્યટન, આશીર્વાદ, શિષ્ટાચાર, કૃપાચાર્ય, આર્યભટ્ટ, ગૃહલક્ષ્મી, ચક્રવૃદ્ધિ, તૃણાહારી, બૃહસ્પતિ, ગર્ભગૃહ, પ્રાથમિક

❁ **શીખેલા શબ્દોને આધારે વાક્યોનું મુખરવાચન કરાવવું. (વાચન પ્રવાહિતા સાથે.)**

- ગાય તૃણાહારી પ્રાણી છે.
- આર્યભટ્ટે શૂન્યની શોધ કરી.
- મા-બાપના આશીર્વાદ હંમેશાં બાળકની સાથે હોય છે.
- હું અનુપમ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરું છું.
- અમે અંબાજી મંદિરના ગર્ભગૃહમાં જઈ દર્શન કર્યા.
- મમ્મીએ ચપ્પાથી કાકડી કાપી.

❁ **શીખેલા અક્ષરોનું લેખન કરાવવું.**

(૧) ટપકાં જોડી લેખન

પૃ પ્ર ક્ર ગૃ ર્વ

(૨) અક્ષર

પૃ, પ્ર, ક્ર, ગૃ, ર્વ

❁ **શીખેલા અક્ષરોના લેખન માટે રેતીમાં લેખન કરાવી શકાય તેમજ હવામાં આંગળી વડે અક્ષર લેખનની પ્રવૃત્તિનો મહાવરો કરાવી શકાય.**

❁ **શીખેલા અક્ષરોથી બનતા શબ્દોનું શ્રુતલેખન કરાવવું.**

બાલસૃષ્ટિ, કાર્યાલય, મુખપૃષ્ઠ, ઉપગ્રહ, શ્રીફળ

❋ **શીખેલા અક્ષરો પરથી વાક્યોનું શ્રુતલેખન કરાવવું.**

- વધુ વૃક્ષ વાવો, વધુ વૃષ્ટિ લાવો.
- આર્યભટ્ટ મહાન ગણિતશાસ્ત્રી હતા.
- પાણી પૃથ્વી પરનું અમૃત છે.
- હિમાલય સૌથી ઊંચો પર્વત છે.
- સૂર્યગ્રહણ અમાસના દિવસે થાય છે.
- શ્રવણે વૃદ્ધ માતા-પિતાને જાત્રા કરાવી.
- ચંદ્રગ્રહણ પૂનમના દિવસે થાય છે.
- અર્જુન ગુરુ દ્રોણ પાસે શસ્ત્રવિદ્યા શીખ્યો.

❋ **શીખેલા અક્ષરો પરથી ફકરાનું શ્રુતલેખન કરાવવું.**

થોડીવાર પછી સંસ્કૃતના શ્લોક બોલતા પંડિતજી રસ્તા પર ચાલતા આવ્યા. એમનું ધ્યાન રસ્તા પર પડેલા પથ્થર પર ન હતું, એટલે એમને પથ્થરની ઠોકર લાગી. એમના પગમાંથી લોહી નીકળ્યું. પંડિતજી બોલી ઊઠ્યાઃ "અરે ! આ તો લોહી નીકળ્યું છે."

● **મહાવરા માટે :**


❋ **નીચે આપેલા શબ્દો વંચાવો અને લખાવો.**

વિશ્વ, વૃદ્ધ, પ્રાચીન, ચંદ્રગ્રહણ, શ્રેષ્ઠ, સમૃદ્ધ, અમૃત, ટ્રાફિક, પ્રાર્થના, ઊર્જા, વૃત્તિ, દ્રોણ, સ્વાસ્થ્ય, જ્યોતિ, સ્થિતિ,બત્તી, શિષ્ય, સ્તબ્ધ, સૌરાષ્ટ્ર, આંધ્રપ્રદેશ

❋ **નીચે આપેલાં વાક્યો વંચાવો અને લખાવો.**

- ગ્રીસ પ્રાચીન સમયમાં સમૃદ્ધ દેશ હતો.
- તમારા જિલ્લા અને રાજ્યનું નામ શું છે?
- અમારી શાળામાં બાલસૃષ્ટિ સામયિક આવે છે.
- ગુજરાતનો સૌથી મોટો જિલ્લો કચ્છ છે.
- મેં પુસ્તકમાં મુખપૃષ્ઠ પર સુંદર રેખાચિત્ર નિહાળ્યું.
- શુક્ર એ સૂર્યમંડળનો અત્યંત તેજસ્વી ગ્રહ છે.
- જ્યોતિની પતંગને કિન્ના બાંધી આપો ને !
- પાણી પીને વિદ્યાર્થીઓ તૃપ્ત થયા.

❋ **નીચે આપેલ ચિત્રના આધારે વાક્યોનું લેખન કરાવવું.**



(સંદર્ભઃ- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

**શિક્ષક મિત્રો, કદમ-૧ થી ૧૩નું કાર્ય જે વિદ્યાર્થીઓએ પૂર્ણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને વાચન-લેખનના ફકરા પર કાર્ય કરાવવું.**

# કદમ-૧૧

## ❋વાંચન અર્થગ્રહણ અને સ્વતંત્ર લેખન❋
## ધોરણ ૧ થી ૫

વિદ્યાર્થીઓ ગદ્ય, પદ્ય તથા અન્ય લખાણનું અર્થગ્રહણ સાથેનું વાચન કરતાં થાય તે માટે કોઈપણ ફકરો, જાહેરાત, સમયપત્રક, કાવ્ય પરથી સમજ, અખબારી નોંધ જેવી બાબતો આ પ્રકરણમાં સમાવિષ્ટ છે. ખાસ કરીને કેવી રીતે ? વર્ગખંડમાં ઉપરોક્ત બાબતો સમજાવવી તે માટેની વિગતો નીચે આપેલ છે.

**✸ વાચન અર્થગ્રહણ કરાવતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો.**

- ✈ પ્રશ્નવાક્ય બનાવતા શીખવીશ.
- ✈ સૌ પ્રથમ વિદ્યાર્થીઓને સૂચના વાંચવા કહેવું.
- ✈ સૂચના વાંચ્યા પછી શું સમજયા તે પૂછીશું.
- ✈ ફકરો શાંતિથી મનમાં વાંચવા કહેવું.
- ✈ ત્યારબાદ પ્રશ્ન વાંચવા કહેવું.
- ✈ વિકલ્પ વાંચ્યા પછી ફરી ફકરો વાંચવા કહીશ અને જવાબ પૂછીશું.
- ✈ જો ન સમજાય તો ફકરો વારંવાર મનમાં વંચાવીશું.

✸ વિદ્યાર્થીઓ દ્વારા ફકરાનું અર્થગ્રહણ કર્યા બાદ નીચે આપેલ વિગતોને આધારે પ્રશ્નો પૂછવા અને જવાબ મેળવવા પ્રયત્નો કરવા.

| પ્રશ્નસૂચક શબ્દો | તેના દ્વારા મળતા જવાબની વિગત |
|---|---|
| કેમ? | રીત અને કારણ |
| શું ? | વસ્તુ, શબ્દ, વાક્ય, વાત |
| કોણ ? | કરનાર વ્યક્તિ |
| કોને ? | જેના પર ક્રિયાની અસર થાય તે |
| ક્યાં? | જગ્યા |
| શા માટે? | કારણ |
| કઈ રીતે | રીત |
| કેટલું? કેટલી? કેટલા ? કેટલો ? | જથ્થો, સંખ્યા, પ્રમાણ |
| ક્યારે ? | સમય |

**✸ આજ રીતે ફકરા, જાહેરાત, અખબારી નોંધ, ટિકિટ, સમયપત્રક, વિવિધ કોષ્ટક, કાવ્ય અને ચિત્રો પરથી પ્રશ્નોના જવાબ જેવા પ્રશ્નો ઉકેલાવની પ્રક્રિયા કરવી.**

**✸ સાથે સાથે ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે સ્વતંત્ર લેખન બાળકોની કલ્પનાશકિત અને સર્જનાત્મકતાને ખીલવવાનો એક નમ્ર પ્રયાસ છે. જેનો ઉદેશ્ય વિદ્યાર્થીઓ ગોખણપટ્ટી છોડીને પોતાના વિચારો, અનુભવો અને લાગણીઓને મૌલિક રીતે ભાષાબદ્ધ કરતા શીખે તે માટે પ્રેરિત કરવાનો છે.**

## ❋ વાંચન અને લેખન માટેના ફકરા (વાંચન પ્રક્રિયા સાથે ) ❋

(૧) એક બતકનું બચ્ચું હતું. તેની મા તેને નદી પાસે લઈ ગઈ, ત્યાં જઈ કહે, ચાલ તને તરતાં શીખવું. નદી તો બહુ મોટી હતી. નદીના પાણીમાં કાચબા અને મગર હતા.

(૨) ખુશાલી રોજ કરતાં વહેલાં તૈયાર થઈ ગઈ. તે અને રમશે નિશાળે પહોંચ્યા. તેમણે તેમનો વર્ગ શણગાર્યો. ગુરુજીએ કહ્યું, ''વાલા વિદ્યાર્થીઓ આજે ખુશાલીનો જન્મદિવસ છે. ખુશાલીની પ્રગતિ માટે આપણે શુભકામના પાઠવીએ.''

(૩) વાડની ઓથે એક બખોલ એમાં રહેલ સસલાભાઈ અને સસલીબાઈ, એમને બે નાનાં અને રૂપાળાં બચ્ચાં, ધોળા તો જાણે રૂના પોલ, અહીં દોડે, કૂદે અને રમે.

(૪) સસલાભાઈએ ખોખારો ખાધો. પોતાનો ડાબો પગ પાંચ વાર ભોંય પર પછાડ્યો. થોર-બાવળનો ભરોસો નહીં, ખરે ટાણે દગો દે ! પારકું એ પારકું.

(૫) ધરતી, નિલમ અને બ્રિજેશ મામાના ઘરે ગયા, મામા-મામીએ હેતથી રાખ્યા, ભાવતાં ભોજન કરાવ્યાં, વાંચવા માટે મજાનાં પુસ્તકો આપ્યાં, મામા રોજ અવનવી પ્રવૃત્તિઓ કરાવે.

(૬) એક હતી સસલી. બહુ બીકણ તે બહુ બીકણ મે ગાજે ને બીએ. વીજ ચમકે ને બીએ! વા વાય અને બીએ.

(૭) તમે મારા મિત્ર સુરેશને તો આળખો ને! સુરેશ ખૂબ ડાહયો. સુરેશ ખૂબ જ લાગણીશીલ, બીજાને મદદરૂપ થવા કાયમી તત્પર, કોઈ પશુ- પંખીને દુ:ખી જુએ તો એનો જીવ બળે.

(૮) બે ભાઈ મળી સંપીને રહેતા હતા. તેઓ સાથે ખેતી કરતા હતા. જે પાકે તે બંને સરખે ભાગે વહેંચી લેતા હતા. નાનો ભાઈ કુંવારો હતો. મોટો ભાઈ કુટુંબ કબીલાવાળો હતો.

(૯) સિંહ વનનો રાજા કહેવાય છે. તે બળવાન પ્રાણી છે. તેને તીક્ષ્ણ ન્હોર હોય છે. તે માંસાહારી પ્રાણી છે. તે ત્રાડ નાંખે છે.

(૧૦) એક નાનકડો તંદુરસ્ત બાબો. તેનું નામ હતું મહિમ, તેની મમ્મીનું નામ સોનલબેન, તેના પપ્પાનું નામ નિતેશભાઈ, તે પપ્પા -મમ્મીનો લાડકો દીકરો.

(૧૧) એક ભરવાડ હતો. તેની પાસે ઘણાં ઘેટાં-બકરાં હતાં. તેણે ભેંસો પણ રાખી હતી. તે દૂધ, દહીં, છાશ, ઘી વેચતો હતો. એ રીતે પોતાનું ગુજરાન ચલાવતો હતો.

(૧૨) ગામ પાસે એક નદી હતી. નદી સાંકડી અને ઊંડી હતી. ચોમાસામાં એમાં ખૂબ પાણી આવતું. સામે કાંઠે જવા માટે લાકડાનો એક પુલ હતો. પુલ કઠેડા વિનાનો સાંકડો હતો.

(૧૩) વાઘ ઝાડીમાંથી બહાર આવ્યો. તે શિકારની શોધમાં હતો. તેણે એક માણસને જોયો, વાઘે શિકાર કરવા છલાંગ મારી માણસ ખૂબ જ ગભરાઈ ગયો.

(૧૪) એક ઝાડ હતું. ઝાડ પર કબૂતરનો માળો હતો. ઝાડ નીચે દર હતું, તેમાં એક કીડી રહેતી હતી. કીડી અને કબૂતર મિત્રો હતો.

(૧૫) આ ત્રણ વાંદરાનું રમકડું છે. તે સરસ બોધ આપે છે. ખરાબ જોવું નહીં, ખરાબ સાંભળવું નહીં, ખરાબ બોલવું નહી.

(૧૬) મારાં બહેનનું નામ ચેતનાબહેન છે, તે અમને સરસ ભણાવ છે, તે અમને ગીતો ગવડાવે છે, તે અમને રમતો રમાડે છે. તે અમને ચિત્રો દોરાવે છે.

(૧૭) એક હતા કીડીબાઈ, એમને નાનું ખેતર હતું. ટચૂકડાં કીડીબાઈથી જાતે ખેતી થાય નહી, તે ગયાં મંકોડાભાઈ પાસે.

(૧૮) જંગલમાં એક નદી છે. નદીમાં પાણી ખળખળ વહે છે. તેમાં ઘણી માછલીઓ છે. નદીમાં બતક પણ છે. બતક પાણીમાં તરે છે.

(૧૯) ગામને પાદરે ખળખળ કરતી નદી વહી જાય છે. નદીની સામે કાંઠે જાતજાતના ઝાડનાં ઝૂંડ આવેલા છે. ઝૂંડ વચ્ચે એક નાનકડી ઝૂંપડી છે. ઝૂંપડી પાસે નાનો એવો ઓટલો છે. ઓટલા પર એક સાધુ મહારાજ પલાંઠીવાળીને બેઠા છે.

(૨૦) ઉનાળાના દિવસો હતા. માથે તાપ ધોમ ધખતો હતો. હરણે પેટ ભરીને ઘાસ ખાધું હતું. હવે તેને ખૂબ સરસ લાગી હતી, બીજા હરણાંની સાથે તે નજીકના તળાવમાં પાણી પીવા ગયું.

**✹ નમૂનો ૧: શબ્દ- ચિત્ર જોડો (વાંચન અને અર્થગ્રહણ)**

પ્રવૃત્તિઃ એક તરફ પાંચ સાદા શબ્દો (કાન, જગ, મગ, ઘર, નમન) લખો અને બીજી તરફ તેના આડાઅવળા ચિત્રો દોરો.

જગ



ઘર



કાન



નમન



કપ



**✹ નમૂનો ૨- ખૂટતો અક્ષર મૂકો (સ્વતંત્ર લેખન)**

પ્રવૃત્તિઃ જાણીતી વસ્તુનું ચિત્ર આપો અને નીચે તેનો અધૂરો શબ્દ લખો.

ઉદાહરણઃ કમળનું ચિત્ર આપી બાજુમાં **ક.....ળ** લખવું.

**✹ નમૂનો ૩ : ચિત્ર જોઈતે વાકય પૂર્તિ (અર્થગ્રહણ અને લેખન)**

પ્રવૃત્તિઃ આકાશમાં સૂરજ ઉગતો હોય તેવું ચિત્ર આપો. નીચે વાકય લખોઃ **આ ......... છે.**

**✹ નમૂનો ૪ : મોટેથી વાંચન - સાદા શબ્દો (વાંચન)**

પ્રવૃત્તિઃ માત્ર કાના- માત્રા વગરના ત્રણ અક્ષરના શબ્દોનું કાર્ડ આપો.

શબ્દોઃ ગગન, મગન, જમન, રમત, કલમ

**✹ નમૂનો ૫ : મારું મનપસંદ - મુકત ચિત્ર અને લેખન (સ્વતંત્ર લેખન)**

પ્રવૃત્તિઃ બાળકને તેને ગમતું કોઈપણ એક ચિત્ર (જેમ કે ફળ, ફૂલ કે ગાડી) દોરવા કહો અને તેની નીચે તેનું નામ લખવા કહો.

✹ **નોંધઃ** ધોરણ ૧ ના પ્રારંભે બાળક ભૂલો કરે તે સ્વાભાવિક છે. અમારો ઉદ્દેશ્ય તેમની અભિવ્યકિતની પ્રોત્સાહન આપવાનો હોવો જોઈએ, નહી કે માત્ર ભૂલો શોધવાનો.

## ધોરણ-૨

**ધોરણ ૨ ના પ્રારંભે બાળકો ધોરણ ૧ માં શીખેલા સાદા અને માત્રાવાળા શબ્દોથી પરિચિત હોય છે. તેમની ક્ષમતા ચકાસવા માટે નીચે મુજબના પાંચ નમૂનાઓનો ઉપયોગ કરી શકાય છે :**

### ✹ નમૂનોઃ ૧ વાકય વાંચન અને ચિત્ર સાથે જોડકાં (વાંચન અને અર્થગ્રહણ)

પ્રવૃત્તિઃ ડાબી બાજુ ત્રણ- ચાર સાદા વાકયો લખો અને જમણી બાજુ તેને અનુરૂપ ચિત્રો આપો.

વાકય ૧: મગન જમે છે.

વાકય ૨: આકાશમા પતંગ ઊડે છે.

વાકય ૩: ગાય ઘાસ ખાય છે.

### ✹ નમૂનો ૨ : ચિત્ર વર્ણન - શબ્દ લેખન (સ્વતંત્ર લેખન)

પ્રવૃત્તિઃ એક બગીચાનું અથવા શાળાનું મોટું ચિત્ર બતાવો. તે ચિત્રમાં દેખાતી કોઈપણ પાંચ વસ્તુઓના નામ બાળકને જાતે લખવા કહો.

ઉદાહરણઃ ઝાડ, ફૂલ, છોકરો, દડો, હીંચકો

### ✹ નમૂનો ૩ : સૂચના મુજબ ચિત્રકામ (અર્થગ્રહણ અને વાંચન)

પ્રવૃત્તિ- બાળકને નીચે મુજબના ત્રણ-ચાર સરળ શબ્દો વાંચવા કહો અને તે મુજબ ખાલી બોકસમાં ચિત્રો દોરવા અથવા રંગ પૂરવા કહો.

૧. ઝાડ

૨. દડો

૩. વાદળ અથવા તારો

૪. ફળ

### ✹ નમૂનો- ૪ વાકય પૂર્તિ અને લેખન (સ્વતંત્ર લેખન અને વાંચન)

પ્રવૃત્તિઃ અડધા વાકયો આપો જે બાળકની પોતાની રીતે પૂરા કરે.

૧. મને ખાવામાં ............... ભાવે છે.

૨. મારા મિત્રનું નામ ..................... છે.

૩. મારી પાસે લાલ ............................ છે.

### ✹ નમૂનો -૫ : ફલેશ કાર્ડ વાંચન સ્પર્ધા (ઝડપી વાંચન)

પ્રવૃત્તિઃ વિવિધ માત્રાવાળા શબ્દોના કાર્ડસ બતાવો : (જેમ કે : કાતર, સીતાફળ, ગુલાબ, ખેતર, મોર)

શિક્ષક માટે સૂચન : ધોરણ ૨ ના સ્તરે લેખન કાર્યમાં નાની -મોટી જોડણીની ભૂલો અવગણીને બાળકના વિચારોના પ્રવાહ અને અર્થગ્રહણ પર વધુ ધ્યાન આપવું હિતાવહ છે. તમે ઈચ્છો તો આ પ્રવૃત્તિઓ માટે જરૂરી ચિત્રો (જેમ કે બગીચો, ગાય, આકાશ ) આપી શકાય.

## ધોરણ-૩ થી ૫

ધોરણ ૩ થી ૫ ના બાળકોમાં ભાષાકીય સમજ અને મૌલીક વિચારોના સર્જનની ક્ષમતા વિકસતી હોય છે. આ વયજૂથ માટે કંટાળાજનક પરીક્ષાને બદલે જો મજા પડે તેવી પ્રવૃત્તિઓ (ક્વિઝ) રાખવામા આવે તો બાળકો હોંશે હોંશે પોતાની આવડત બતાવે છે. જેનો ઉદ્દેશ્ય બાળકના વાંચન, અર્થગ્રહણ અને સ્વતંત્ર લેખન કૌશલ્યોને રમત- ગમત અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા ચકાસવાની અને ખીલવવાનો છે.

ફકરો વાંચી નીચે આપેલો પ્રશ્નોના જવાબ આપો.

### ✹ નમૂનો ૧ (ધોરણો ૩ થી ૫ માટે )

વાઘને ભૂખ લાગી, તેનું પેટ કહે, હરણ ખાઉં, ઝરખ ખાઉં, હાથી ખાઉં, ઊંટ ખાઉં ચાલતો-ચાલતો તે નીચે ગયો. તે નીચે ઉભો હતો તેવામાં ખૂબ જોરથી પવન વાયો, સુઉ સુઉ, વડ પરથી ટેટા ટપટપ પડયા, વાઘ બી ગયો. ઊભી પૂંછડીએ નાસી ગયો.

૧. પવનનો અવાજ કેવો આવે છે?

(અ) સાઉ-સાઉ (બ) સાવ-સાવ (ક) સુઉ-સુઉ (ડ) સૂઓ-સૂઓ

૨. ટપાટપ અવાજ કોને આવે છે?

(અ) વાઘનો (બ) પવનનો (ક) વડનો (ડ) ટેટાનો

૩. વાઘ બી ગયો, એટલે?

(અ) વાઘ અવાજ કરવા લાગ્યો (બ) વાઘ ગભરાઈ ગયો (ક) વાઘ તૂટી પડયો (ડ) વાઘ ટેટાના બી ખાવા લાગ્યો

### ✹ નમૂનો ૨ (પ્રકૃત્તિ અને સમજણ - ધોરણ ૩ માટે )

એક મોટું મેદાન હતું, મેદાનમાં લીલુછમ ઘાસ હતું. ત્યા એક નાનું સસલું રહેતું હતું, સસલાને ગાજર બહુ ભાવે, એક દિવસ સસલાને ખેતરમાંથી લાલચોળ ગાજર મળ્યું. સસલું તો ખુશ થઈ ગયું અને ગાજર લઈને દોડવા લાગ્યું.

**પ્રશ્નોઃ**

૧. મેદાનમાં શું હતું?

(અ) રેતી (બ) કાદવ (ક) લીલુ ઘાસ (ડ) પાણી

૨. સસલાને શુ બહુ ભાવે?

(અ) પાંદડા (બ) ગાજર (ક) રોટલી (ડ) મરચાં

૩. ગાજરનો રંગ કેવો હતો?

(અ) પીળો (બ) લાલચાળ (ક) લીલો (ડ) સફેદ

### ✹ નમૂનો ૩ (સામાજિક મૂલ્યો - ધોરણ ૪ માટે)

મીના અને રાજુ બગીચામાં રમતાં હતાં. ત્યાં તેમણે જોયું નળમાંથી પાણી ટપકતું હતું. રાજુએ કહ્યું, પાણીનો બગાડ ન કરાય, મીનાએ તરત જ જઈને નળ બરાબર બંધ કરી દીધો. બંને મિત્રોએ નકકી કર્યું કે તેઓ કયારેય પાણીનો બગાડ કરશે નહીં.

**પ્રશ્નોઃ** ૧. બગીચામાં કોણ રમતું હતું?

(અ) સીતા-રામ (બ) મીના-રાજુ (ક) ટીના-મીના (ડ) કાકા-કાકી

૨. નળમાંથી શું ટપકતું હતું?

(અ) દૂધ (બ) તેલ (ક) પાણી (ડ) શરબત

૩. મીનાએ શું કર્યું?

(અ) નળ તોડી નાંખ્યો (બ) નળ બંધ કર્યો (ક) રડવા લાગી (ડ) ભાગી ગઈ

**✸ નમૂનો ૪ (તાર્કીક પ્રશ્નો -ધોરણ ૫ માટે )**

રાત્રે આકાશમાં પૂનમનો ચંદ્ર ખીલ્યો હતો. બધે જ ચાંદની ફેલાયેલી હતી. ઝાડ પર બેઠેલા ઘુવડને અજવાળુ બહુ ગમતું નહોતું. તે પોતાની પાંખો સંકોરીને બેઠું હતું. અચાનક પવન આવ્યો અને પાંદડા હલવા લાગ્યા.

**પ્રશ્નો:**

૧. આકાશમાં ચંદ્ર કેવો હતો ?

(અ) અડધો (બ) અમાસનો (ક) પૂનમનો (ડ) નાનો

૨. ઘુવડને શું ગમતું નહોતું ?

(અ) અંધારું (બ) અજવાળું (ક) પવન (ડ) વરસાદ

૩. પાંદડાં કેમ હલવા લાગ્યાં ?

(અ) પક્ષી ઉડ્યું એટલે (બ) વરસાદ પડયો એટલે (ક) પવન આવ્યો એટલે (ડ) ઘુવડ બોલ્યું એટલે

**✸ નમૂનો ૫: પ્રાણી સંગ્રહાલયની મુલાકાત (સમયપત્રક આધારિત )**

વિગત શાંતિ પ્રાણી સંગ્રહાલય જોવા માટેનો સમય અને ટિકિટના દર નીચે મુજબ છે.

| મુલાકાતી | સમય | ટિકિટ દર (રૂપિયા) |
|---|---|---|
| બાળક (૫ થી ૧૨ વર્ષ) | સવારે ૯ થી સાંજે ૫ | ૨૦ |
| પુખ્ત(૧૨ વર્ષથી ઉપર) | સવારે ૯ થી સાંજે ૬ | ૫૦ |
| શાળાનો પ્રવાસ | સવારે ૧૦ થી બપોરે ૨ | ૧૦ |

**પ્રશ્નો:**

૧. શાળાના પ્રવાસ માટે ટિકિટનો દર કેટલો છે ?

(અ) ૨૦ (બ) ૫૦ (ક) ૧૦ (ડ) મફત

૨. ૧૫ વર્ષના છોકરાને કેટલી ટિકિટ આપવી પડશે ?

(અ) ૧૦ (બ) ૨૦ (ક) ૫૦ (ડ) ૫

૩. પ્રાણી સંગ્રહાલય સૌથી વહેલું કયારે ખૂલે છે ?

(અ) ૧૦ વાગ્યે (બ) ૯ વાગ્યે (ક) ૫ વાગ્યે (ડ) ૬ વાગ્યે

**✸ નમૂનો ૬ : મધ્યાહન ભોજનનું મેનુ (અઠવાડિક આયોજન )**

| વાર | ભોજનની વિગત | ફળ/મીઠાઈ |
|---|---|---|
| સોમવાર | દાળ-ભાત | કેળુ |
| બુધવાર | ખીચડી અને શાક | સુખડી |
| શુક્રવાર | મુઠિયા અને દાળ | ચીકુ |

**પ્રશ્નો:**

૧. શુક્રવારે ભોજનમાં શું મળશે ?

(અ) દાળ-ભાત (બ) મુઠિયા-દાળ (ક) સુખડી (ડ) ખીચડી

૨. કયા વારે ફળ તરીકે ચીકુ આપવામાં આવે છે ?

(અ) સોમવાર (બ) બુધવાર (ક) શુક્રવાર (ડ) મંગળવાર

૩. સુખડી કયા દિવસે બને છે ?

(અ) બુધવાર (બ) સોમવાર (ક) શુક્રવાર (ડ) રોજ

## ✹ નમૂનો ૭ : લાયબ્રેરીમાં પુસ્તકોની સંખ્યા (ચાર્ટ આધારિત)

| વિષય | પુસ્તકોની સંખ્યા |
|---|---|
| વાર્તા | ૫૦ |
| કવિતા | ૨૦ |
| સામાન્ય જ્ઞાન | ૩૦ |

**પ્રશ્નો:**

૧. લાયબ્રેરીમાં સૌથી વધુ કયા વિષયના પુસ્તકો છે?

(અ) કવિતા (બ) સામાન્ય જ્ઞાન (ક) વાર્તા (ડ) ચિત્રકામ

૨. કવિતાના કુલ કેટલા પુસ્તકો છે?

(અ) ૫૦ (બ) ૨૦ (ક) ૩૦ (ડ) ૧૦

૩. વાર્તા અને કવિતાના મળીને કુલ કેટલા પુસ્તકો થાય?

(અ) ૭૦ (બ) ૫૦ (ક) ૮૦ (ડ) ૧૦૦

## ✹ નમૂનો ૮: ચકલી અને માળો (પ્રકૃત્તિ)

ચકલી બોલે ચીં ચીં ચીં,
આંગણું મારું ગુંજી ઉઠે ટીં ટીં ટીં,
તણખલા લાવી માળો બાંધે,
ઝાડની ડાળે હીંચકા ખાતી રાંધે,
ખાવા માટે લાવે દાણા,
બચ્ચાં અને કેવા નાના

**પ્રશ્નો:**

૧. ચકલી કેવો અવાજ કરે છે?

(અ) ટહૂકો (બ) ચીં-ચીં (ક) કાં-કાં (ડ) કૂ-કૂ

૨. ચકલી માળો બનાવવા માટે શું લાવે છે?

૩. ચકલીનાં બચ્ચાં કેવાં છે?

૪. “આગણું" શબ્દનો સમાન અર્થ કાવ્યમાંથી શોધો.

## ✹ નમૂનો ૯: સૂરજદાદા (આકાશ)

સવાર પડતાં સૂરજ આવે,
અજવાળું એ સાથે લાવે,
પંખીઓ તો કલરવ કરતાં,
આળસ છોડી કામે વળતાં,
પૂર્વ દિશાએ ઉગી લાલ,
ચમકી ઉઠે ધરતીની ગાલ,

**પ્રશ્નો:**

૧. સૂરજ કઈ દિશામાં ઊગે છે?

(અ) ઉત્તર (બ) દક્ષિણ (ક) પૂર્વ (ડ) પશ્ચિમ

૨. સૂરજ સાથે શું લાવે છે?

૩. સવાર પડતા પંખીઓ શું કરે છે?

૪. આ કવિતામાં ક્યા કયા રંગોની વાત છે?

✹ **નમૂનો ૧૦ : ગણપતિ દાદા (તહેવાર)**

ગણપતિદાદા મોરિયા,
ઘીના લાડુ ચોરિયા,
નાની એવી સૂંઢ છે,
મોટું એનું પેટ છે,
ઉંદરભાઈનો વાહન એનું,
રૂપ છે કેવુ પ્યારું એનુ!

**પ્રશ્નોઃ**

૧. ગણપતિ દાદાને શું ભાવે છે?
(અ) જલેબી (બ) લાડુ (ક) પેંડા (ડ) બરફી
૨. દાદાનું વાહન કયું છે?
૩. આ કવિતામા દાદાના શરીરના કયા અંગોની વાત છે?
૪. ''મોરીયા'' શબ્દ સાથે પ્રાસ મળતો શબ્દ કયો છે?

✹ **શિક્ષક માટે નોંધઃ-** કવિતામાં પ્રશ્નોના જવાબ આપતી વખતે બાળક જો પોતાના શબ્દોમા (મૌલિક રીતે) લખે તો તેને વધુ પ્રોત્સાહન આપવું, જેથી વાંચન અર્થગ્રહણની સાથે તેનુ સ્વતંત્ર લેખન પણ ખીલે.

**ધોરણ ૩ થી ૫ ના બાળકોમા કલ્પનાશકિત અને નિરીક્ષણ શકિત ખૂબ જ તેજ હોય છે. તેમને એવા વિષયો આપવા જોઈએ જેના વિશે તેઓ પોતાના અનુભવો કે વિચારો મુકતપણે વ્યકત કરી શકે.**

✹ નીચે મુજબના વિષયો સ્વતંત્ર લેખન માટે ઉત્તમ સાબિત થઈ શકે છે.

### ✵ સ્વતંત્ર લેખન માટે વિષયો ✵

- મે માણેલો વરસાદનો પહેલો દિવસ
- મારી શાળાનો રમતનો તાસ
- રવિવારની મારી રજાની મજા
- જો હું પંખી હોઉં તો
- જો મારે પાંખો હોય તો હું કયાં જઈશ?
- મારો જાદુઈ દડો.
- મારું મનપસંદ રમકડું (તેના વિશે પાંચ-સાત વાકયો)
- ચિત્ર પરથી વાર્તા લેખન ( કોઈપણ એક ચિત્ર આપી તેના પરથી લખાણ)
- મારા પ્રિય શિક્ષક વિશે થોડું
- મારું ઘર
- મારો પ્રિય ખોરાક
- મારો પાક્કો મિત્ર
- મારું દફતર
- જો મને જાદુઈ લાકડી મળે તો

✹ **સ્વતંત્ર લેખન (સરળ ઉદાહરણ):-** તમે બાળકોને આ રીતે ટૂંકા વાકયોમાં લખવા માટે પ્રોત્સાહિત કરી શકો છો.

## ❋ મારો રવિવાર ❋

"રવિવારે મારે શાળામાં રજા હોય છે. આ દિવસે હું સવારે મોડો ઉઠું છું. હું અને મારા મિત્રો મેદાનમાં ક્રિકેટ રમીએ છીએ. બપોરે મમ્મી મસ્ત ગરમા-ગરમ ભોજન બનાવે છે. સાંજે અમે બધા ફેમિલી સાથે ટીવી જોઈએ છીએ. મને રવિવારની રજા ખૂબ ગમે છે."

## ❋ ચિત્ર વર્ણન ❋

બાળકોને નીચે આપેલ ચિત્રનું ધ્યાનપૂર્વક અવલોકન કરવા કહો. ચિત્રમાં ક્યા ક્યા પાત્રો છે ? તેઓ શું કરી રહ્યા છે ? વાતાવરણ કેવું છે ? આ બાબતોને ધ્યાનમાં રાખીને બાળકોને તેમના મૌલિક વિચારો ૫ થી ૭ વાક્યોમાં લખવા માટે પ્રોત્સાહિત કરો.

## ❋ ચિત્ર ૧ થી ૪ ❋









## ❈ શબ્દ પરથી વાક્ય ❈

બાળકોને નીચે મુજબના બે કે ત્રણ શબ્દોની જોડી આપો. બાળકોએ આ ત્રણેય શબ્દો એક જ વાક્યમાં આવે તે રીતે મૌલિક વાક્ય બનાવવા કહો.

### ✹ નમૂનો: ૧

શબ્દો: નદી, હોડી

ઉદાહરણ: નદીના પવિત્ર પાણીમાં નાની હોડી તરે છે.

### ✹ નમૂનો: ૨

શબ્દો: હાથી - સૂંઢ

ઉદાહરણ: હાથી પોતાની લાંબી સૂંઢ વડે પાણી પીએ છે.

### ✹ નમૂનો: ૩

શબ્દો: શાળા - રમત - મેદાન

ઉદાહરણ: અમારી શાળાના મેદાનમાં અમે ઘણી બધી રમતો રમીએ છીએ.

### ✹ નમૂનો: ૪

શબ્દો: દિવાળી - દીવા - ફટાકડા

ઉદારણ: દિવાળીના તહેવારમાં અમે દીવા પ્રગટાવીએ છીએ અને ફટાકડા ફોડીએ છીએ.

### ✹ નમૂનો: ૫

શબ્દો: પક્ષી - પાંખો - આકાશ

ઉદાહરણ: જો હું પક્ષી હોઉં તો મારી પાંખો વડે આખા આકાશમાં ઉડ્યા કરું.

## ❈ લેખન માટેના અન્ય શબ્દો ❈

આકાશ - પતંગ

જિરાફ - ડોક

શિક્ષક - ચૉક - પાટિયું

ઉત્તરાયણ - આકાશ - પતંગ

જંગલ - સિંહ - ડર

બગીચો - ફૂલ

વાઘ - પંજા

દફતર - પેન્સિલ - પુસ્તક


હોળી - રંગ - પિચકારી

વરસાદ - છત્રી - પાણી

# સ્વતંત્રલેખન

❊ વિદ્યાર્થીઓને સ્વતંત્રલેખન માટે નીચેની પ્રવૃત્તિઓ કરાવવી.

❊ પ્રવૃત્તિ - નીચે આપેલા ચિત્રને આધારે બે કે ત્રણ વાક્યો લખાવવાં.



❊ પ્રવૃત્તિ :- 'ચોમાસા' વિશે બે કે ત્રણ વાક્યો લખાવવાં.

❊ પ્રવૃત્તિ :- 'ગામ' વિશે બે કે ત્રણ વાક્યો લખાવવાં.

❊ પ્રવૃત્તિ :- તમારે તમારા માટે એક નવું દફતર ખરીદવાનું છે. તે કેવું હશે તેના વિશે ત્રણ કે ચાર વાક્યો લખાવવાં.

❊ પ્રવૃત્તિ :- ચિત્રનું વર્ણન કરાવવું.



❁ **પ્રવૃત્તિ :- શબ્દો પરથી વાર્તા લખાવવી.**

ટીટોડી , દરિયો, વૃક્ષ, ઈંડા, પક્ષીઓ, પડકાર, સંઘ, બળ, ગરૂડ, વિષ્ણુ, ઈંદ્ર, દૃઢનિશ્ચય, ડર, માફી, પ્રસન્ન, હાર, જીત

❁ **પ્રવૃત્તિ :- મુદ્દા પરથી વાર્તા લખાવવી.**

નગરનો માર્ગ - માર્ગમાં પથ્થર - પથ્થર અનેકને નડે - કોઈ પથ્થર ખસેડતું નથી - છેવટે એક માણસ પથ્થર ઉપાડે છે - પથ્થર નીચે રાજાની ચિઠ્ઠી - સોના મહોર - ''પથ્થર ખસેડવાનું ઈનામ'' - નગરજનો પર તેની અસર - શીર્ષક - બોધ

❁ **પ્રવૃત્તિ :- ચિત્રનું વર્ણન કરાવવું.**




❁ **પ્રવૃત્તિ :- આઝાદી પર્વ /સ્વાતંત્ર્ય દિન /પંદરમી ઑગસ્ટ વિશે દસ- બાર વાક્યોમાં નિબંધ લખાવવો.**

❁ **પ્રવૃત્તિ :- વિદ્યાર્થીઓને ગમતી કોઈપણ એક વાર્તા લખાવવી.**

❁ **પ્રવૃત્તિ :- નીચે આપેલી અધૂરી વાર્તા ઓછામાં ઓછા બારથી પંદર વાક્યો ઉમેરીને પૂર્ણ કરાવવી.**

એક વાર સાવ સૂમસામ રોડ ઉપર અંધારી રાત્રે એક છોકરી સુંદર ગીત ગાઈ રહી હતી. એનો અવાજ સાંભળીને ઝાડ પર સૂઈ રહેલી કોયલ પણ જાગી ગઈ અને વિચારવા લાગી, 'વાહ! કેટલો મધુર અવાજ છે!' એણે પોતાના મીઠા અવાજથી ટહુકો કર્યો. ઓ બહેન, તમારું નામ શું છે? આવી અંધારી રાત્રે તમે ક્યાં જાઓ છો? ગીત કેમ ગાઓ છો? તમારો કંઠ તો ખૂબ મીઠો છે. એ છોકરીએ કહ્યું: 'કોયલબેન મારૂં નામ' .............

❁ **પ્રવૃત્તિ :-** વરસાદના આગમન બાદ તમારી આજુબાજુની પ્રકૃતિમાં તમે કેવા ફેરફાર થતા જોયા છે? તેનું તમારા શબ્દોમાં વર્ણન કરો.

❁ **પ્રવૃત્તિ :- વિદ્યાર્થીઓને નીચેના મુદ્દાઓ આધારિત સ્વતંત્રલેખન કરાવવું.**

૧. તમારા ગામ કે શહેર વિશે પાંચ વાક્યો લખો.

૨. તમારા વિસ્તારમાં આવેલ જોવાલાયક સ્થળ વિશે પાંચ વાક્યો લખો.

૩. કોઈ એક દાતા વિશે ત્રણ-ચાર વાકયો લખો.


૪. ઓનલાઈન શિક્ષણ વિશે પાંચ વાક્યો લખો.

૫. આપને કોઈએ મદદ કરી હોય અથવા તમે કોઈને મદદ કરી હોય તેના વિશે લખો.

❁ **પ્રવૃત્તિ :- નીચે આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાર્તા લખાવવી.**

(શિયાળ, સસલું, મૉબાઈલ, જન્મદિવસ, નોતરું, સિંહ, વન, ડાન્સ, પર્વત, નદીકિનારો, આનંદ, ગુસ્સો, ઝડપથી, તરત જ)

❁ **પ્રવૃત્તિ :- ચિત્રનું વર્ણન કરાવવું.**



❁ **નીચે આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્યો લખાવવાં.**

ઉદા. - મહેનત – શરીર

વાકય - મહેનત કરવાથી શરીર સારું રહે છે.

૧. ગાન – પક્ષી   ૨. શાળા – વિદ્યાર્થીઓ   ૩. ફળ – વૃક્ષ   ૪. ગુજરાતી – ધરા   ૫. દેશ – સૈનિક

❁ **પ્રવૃત્તિ :- અહીં આપેલી અધૂરી વાર્તાને બીજાં દસ વાક્યો ઉમેરીને પૂર્ણ કરાવવી.**

એક ઉંદર હતો ને એક ઉંદરડી હતી. ઉંદરડી બહુ તોફાની હતી. વળી, તેનાં જાતજાતનાં સપનાં હતાં. તે આખી દુનિયામાં ફરી વળવા ઇચ્છતી હતી. તે રોજ ઉંદરને કહેતી કે ''બસ, મને પેલા પંખીઓની જેમ પાંખો મળી જાય પછી તું જો.'' થોડા દિવસોમાં ખરેખર ઉંદરડીને પાંખો ફૂટી. ઉંદર આ જોઇને બોલ્યો, ''અલી! ઉંદરડી!.......

समग्र शिक्षा
Samagra Shiksha

નિપુણ ગુજરાત અભિયાન

GCERT
Gandhinagar

# જીસીઈઆરટી, ગાંધીનગર